
પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૫-૧૨-૨૦૨૫-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૩૧૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11







# રાજઘાટ પર મહાત્માને શ્રદ્ધાંજલી અર્પણ કરતા પુતિન

## રાષ્ટ્રપતિ ભવનમાં રશિયાના રાષ્ટ્રપતિને ગાર્ડ ઓફ ઓનર અપાયું : રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે પુતિનની મુલાકાત

નવી દિલ્હી, તા. ૦૫

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે છે. પુતિને રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. અગાઉ, રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પુતિને ઔપચારિક ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન રાષ્ટ્રપતિ ભવનમાં એકબીજાના દેશોના મહાનુભાવોનો પરિચય કરાવતા જોવા મળ્યા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ગુરુવારે સાંજે ભારતની બે દિવસીય મુલાકાત માટે પહોંચ્યા હતા. તેમની સાથે સાત મંત્રીઓનું એક મોટું પ્રતિનિધિમંડળ પણ છે. આજે મોદી અને પુતિન વચ્ચે બે મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન છે.

આજે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાતનો બીજો દિવસ છે. આનાથી બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોને નવી ગતિ મળવાની અપેક્ષા છે. વેપાર અને વ્યૂહાત્મક-રાજદ્વારી કરારોની સાથે, બંને દેશો ફરી એકવાર સંરક્ષણ કરારો પર ધ્યાન કેન્દ્રિત કરશે. રશિયા સાથે ભારતના સંબંધો સોવિયેત યુનિયનના વિઘટન પહેલાના સમયથી છે. ભારત તે યુગથી તેની સંરક્ષણ ખરીદી માટે રશિયા પર આધાર રાખે છે. તાજેતરના વર્ષોમાં, ભારત તેની સંરક્ષણ જરૂરિયાતો માટે ફ્રાન્સ, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ તરફ વળ્યું છે, પરંતુ રશિયા હજુ પણ ભારતનો મોટાભાગનો સંરક્ષણ પુરવઠો પૂરો પાડે છે.

આ સમગ્ર પરિસ્થિતિમાં, એ સમજવું મહત્વપૂર્ણ છે કે ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ સંબંધો કેટલા ઊંડા છે. પુતિનની ભારત મુલાકાતથી મોદી સરકાર સંરક્ષણ ક્ષેત્ર માટે શું અપેક્ષાઓ રાખે છે? બંને દેશો કયા સંરક્ષણ કરારો પર હસ્તાક્ષર કરી શકે છે? ભારતે કયા ચોક્કસ શસ્ત્રોમાં રસ દાખવ્યો છે, અને તેમની ખાસ વિશેષતાઓ શું છે? ૨૦મી અને ૨૧મી સદીની શરૂઆતમાં રશિયા પાસેથી ખરીદેલા શસ્ત્રો પર ભારતની નિર્ભરતા રહેલી છે. આ સમયગાળા દરમિયાન, રશિયા ફાઈટર જેટથી લઈને બંદૂકો, નૌકાદળના જહાજોથી લઈને મિસાઈલો સુધી દરેક બાબતમાં ભારતનું સૌથી મોટું ભાગીદાર હતું. S-૪૦૦ સંરક્ષણ પ્રણાલી અને AK-૨૦૩ એસોલ્ટ રાઈફલ પરના અનુગામી કરારોએ પણ બંને દેશો વચ્ચે સહયોગ વધાર્યો છે. એકંદરે, ભારત અને રશિયા સંરક્ષણમાં ગાઢ રીતે જોડાયેલા છે.તેમના સંરક્ષણ સંબંધોને

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકા રશિયા પાસેથી ખરીદી કરે છે તો ભારત સામે વાંધો શા માટે?

### ક્રૂડ ઓઈલની ખરીદી મુદ્દે મિડીયાએ કરેલા સવાલનો જવાબ આપતા પુટિન

નવી દિલ્હી, તા. ૦૫

નવી દિલ્હી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતની મુલાકાત દરમિયાન ઈન્ડિયા ટુડે સાથેની એક મુલાકાતમાં રશિયા પ્રત્યે અમેરિકાની "બેવડી નીતિ" પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે અમેરિકા પોતે રશિયા પાસેથી યુરેનિયમ ખરીદે છે, જ્યારે ભારત પર રશિયા પાસેથી તેલની આયાત ઘટાડવા માટે દબાણ કરે છે. પુતિને સ્પષ્ટપણે કહ્યું કે જો અમેરિકાને રશિયા પાસેથી બળતણ ખરીદવાનો અધિકાર છે, તો ભારતને પણ એ જ અધિકાર હોવો જોઈએ. પુતિન ગુરુવારે સાંજે નવી દિલ્હી પહોંચ્યા, જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું. ચાર વર્ષમાં આ તેમની ભારતની પહેલી મુલાકાત છે. દરમિયાન, અમેરિકાએ ભારતીય આયાત પર ૨૫ ટકાનો વધારાનો ટેરિફ લાદ્યો છે, જેના કારણે ભારત માટે રશિયન તેલ ખરીદવું મુશ્કેલ બન્યું છે. તાજેતરના ડેટા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૫માં રશિયાથી ભારતની તેલની આયાતમાં ૩૦ ટકાનો ઘટાડો થયો હતો. ઈન્ટરવ્યુમાં, પુતિને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પણ ખુલ્લેઆમ પ્રશંસા કરી. તેમણે મોદીને "ખૂબ જ વિશ્વસનીય અને સમજદાર નેતા" ગણાવ્યા અને કહ્યું, "ભારત ભાગ્યશાળી છે કે મોદી જેવા નેતા મળ્યા છે, જે દેશ માટે જીવે છે અને શ્વાસ લે છે." પુતિને એમ પણ કહ્યું કે રશિયા ભારત સાથે ઊર્જા, સંરક્ષણ, આર્થિક અને ઉચ્ચ તકનીકી ક્ષેત્રોમાં ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

અનુસંધાન પાના ૭ પર

## ડોલર સામે રૂપિયાનું મુલ્ય ઘટતા મોંઘવારી વધી જશે

### આયાત કરાતી ચીજ-વસ્તુઓના ભાવોમાં વધારો થશે

નવી દિલ્હી, તા. ૦૫

અમેરિકન ડોલર સામે રૂપિયો ગગડતા

ટેન્શન વધ્યું છે. અમેરિકાના ૧ ડોલર સામે રૂપિયો ૯૦ને પાર થતા વિદેશી સામાન તો મોંઘો થશે સાથે સાથે દેશમાં સ્માર્ટ ફોન, પેટ્રોલ, લેપટોપ ઘણું બધું મોંઘુ થઈ જશે. જો કે અમેરિકી ટેરિફનો સામનો કરી રહેલા નિકાસકારો માટે ફાયદાની સ્થિતિ છે.

દેશના મુખ્ય આર્થિક સલાહકાર ડો. વી.અનંત નાગેશ્વરને કહ્યું છે કે રૂપિયાના આ ઘટાડાથી તેની ઉંઘ ઉડી નથી અને આગામી વર્ષે રૂપિયામાં રિકવરી થઈ જશે. રૂપિયો ગગડવાનું મોટું કારણ શેરબજારમાં વિદેશી રોકાણકારોની મોટી વેચવાલી એક કારણ છે. વ્યાપારમાં વધતી ખોટ પણ એક કારણ છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર નીતિની પણ અસર છે, ટેરિફનો પણ પ્રભાવ છે.

અમેરિકન ડોલરના મુકાબલે ભારતીય રૂપિયામાં ઐતિહાસિક ઘટાડો થઈ રહ્યો છે. પ્રથમ વખત એવું બન્યું છે કે, ડોલરના મુકાબલે રૂપિયો ૯૦ને પાર જતો રહ્યો છે. રિપોર્ટ મુજબ વિદેશી ભંડોળ દેશની બહાર જવું, ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતો રહેવી અને ભારત-અમેરિકા વેપાર સમજૂતીમાં અનિશ્ચિતતાના કારણે રૂપિયામાં ઘટાડો થયો હોવાનું કહેવાઈ રહ્યું છે.

ફોરેક્સ ટ્રેડર્સનું કહેવું છે કે, ભારતીય રિઝર્વ બેંક (RBI) તેમાં હસ્તક્ષેપ ન કરતી હોવાના કારણે

અનુસંધાન પાના ૭ પર

## ઈન્ડિગોમાં સ્ટાફની કટોકટી યથાવત આજે ૪૦૦થી વધુ ઉડાનો રદ કરાઈ

### ચોથા દિવસે પણ દેશભરના જુદા-જુદા એરપોર્ટ પર હજારો મુસાફરોનો રઝળપાટ



નવી દિલ્હી, તા. ૦૫

દેશની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો સતત ચોથા દિવસે ક્રૂ મેમ્બર્સ (પાયલટ સહિત ફ્લાઈટ ઓપરેટ કરનારા લોકોનો સમૂહ)ની અછતનો સામનો કરી રહી છે. સ્ટાફની અછતને કારણે શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં દિલ્હી, બેંગલુરુ, પુણે અને હૈદરાબાદમાં ૩૯૧ ફ્લાઈટ્સ રદ થઈ ગઈ છે.

તેમાંથી દિલ્હીમાં સૌથી વધુ ૨૨૫, બેંગલુરુમાં ૧૦૨, પુણેમાં ૩૨ અને હૈદરાબાદમાં ૩૨ ફ્લાઈટ્સ રદ થઈ છે. આમાં આવતી અને જતી, બંને ફ્લાઈટ્સના આંકડા સામેલ છે. સેંકડો ઈન્ડિગો ફ્લાઈટ્સ પણ મોડી ચાલી રહી છે. ફ્લાઈટ્સ રદ થવા અને વિલંબને કારણે દેશભરમાં મોટી સંખ્યામાં મુસાફરોને મુશ્કેલી પડી રહી છે.

ઘણા એરપોર્ટ્સ પર લોકો ૨૪-૨૪ કલાકથી ફ્લાઈટની રાહ જોઈ રહ્યા છે. ગોવા એરપોર્ટ પર એક મહિલા મુસાફરે જણાવ્યું- 'અમે સવારે ૫ વાગ્યાથી રાહ જોઈ રહ્યા છીએ. એરપોર્ટ પર આવ્યા પછી ખબર પડી કે ફ્લાઈટ રદ થઈ ગઈ છે. ન કોઈ મેઈલ આવ્યો, ન કોઈ મેસેજ. આજે અમારે એક લગ્નમાં હાજરી આપવાની હતી. સ્ટાફ કહી રહ્યા છે કે કાલે બીજી ફ્લાઈટથી મોકલશે. અમે ખૂબ નિરાશ છીએ.'

અહીં, ઈન્ડિગોએ ડાયરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA) પાસેથી ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન (FDTL) ના નિયમોમાંથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી છૂટ આપવા અપીલ કરી છે. કંપનીએ ખાતરી આપી છે કે ત્રણ મહિનાની અંદર તેની ઓપરેશનલ સ્થિતિ ફરીથી સામાન્ય થઈ જશે.

ગોવા એરપોર્ટ પર એક મુસાફરે જણાવ્યું- મારે રાયપુર જવાનું હતું. એરપોર્ટ પર ખબર પડી કે અમારી ફ્લાઈટ રદ કરવામાં આવી છે. તેઓ અમને એક્સચેન્જ ઓફર આપી રહ્યા છે. કહી રહ્યા છે કે અમે

અનુસંધાન પાના ૭ પર

## રાજસ્થાનના સીકરમાં એક ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું

### મધ્યપ્રદેશના ૯ શહેરોમાં ૧૦ ડીગ્રીથી નીચું તાપમાન

નવી દિલ્હી, તા. ૦૪

પહાડી રાજ્યોમાંથી આવતી બર્ફીલી હવાઓએ રાજસ્થાનમાં ઠંડી વધારી દીધી છે. સીકરમાં ગુરુવારે લઘુત્તમ તાપમાન ૧ ડિગ્રી નોંધાયું. જેના કારણે ઝાકળના ટીપાં જામી ગયા. હવામાન વિભાગે શુક્રવારે સીકર, ચુરુ અને ઝુંઝુનૂ જિલ્લાઓમાં કોલ્ડવેવ ચાલવાની આગાહી કરી છે.મધ્યપ્રદેશના ૯ શહેરોમાં ગુરુવારે તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહ્યું. પચમઢીમાં સૌથી ઓછું ૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું. રાજ્યના ભોપાલ, ઈન્દોર અને ગ્વાલિયર સહિતના ઘણા શહેરોના આગામી ૨ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે.જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં ગુરુવારે પારો શૂન્યથી નીચે ગયો. જેના કારણે નદીઓ અને ઝરણાં જામી ગયા છે. શ્રીનગરમાં તાપમાન માઈનસ ૪ ડિગ્રી નોંધાયું. પુલવામામાં માઈનસ ૫.૬ ડિગ્રી, કાઝીગુંડમાં માઈનસ ૩.૬ ડિગ્રી, કુપવાડામાં માઈનસ ૩.૨ ડિગ્રી તાપમાન રહ્યું.હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં શુક્રવારે વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલના ઊંચા વિસ્તારોમાં ગુરુવારે શીતલહેર અને ધુમ્મસ છવાયેલું રહ્યું. લાહૌલ સ્પીતિના તાબોમાં ગુરુવારે લઘુત્તમ તાપમાન માઈનસ ૯.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું.

## વ્યાજદરમાં ૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો

### દેશના જીડીપીને વધુ વેગ આપવા રેપો રેટમાં ઘટાડો કરવા રિઝર્વ બેંક કરેલો નિર્ણય

નવી દિલ્હી, તા. ૦૫

સતત બે સમીક્ષા બેઠકમાં વ્યાજદર યથાવત રાખ્યા બાદ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ વ્યાજદરમાં ૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. રિઝર્વ બેન્કની વ્યાજદર સમીક્ષાની ત્રણ દિવસની બેઠકના અંતે આરબીઆઈ ગવર્નર સંજય મલહોત્રાએ જાહેર કર્યુ હતું કે, રેપોરેટ ૨૫ બેસીસ પોઈન્ટના ઘટાડા સાથે હવે ૫.૨૫% રહેશે.

આમ આરબીઆઈએ દેશના અર્થતંત્રમાં જે નવી વૃદ્ધિ નજરે પડી છે તેને વેગ આપવા માટે વ્યાજદરમાં ઘટાડો કર્યાનો અંદાજ છે. આજ રીતે રીવર્સ રેપોરેટ પણ ૨૫ બેસીસ પોઈન્ટ ઘટાડયા છે. આરબીઆઈએ વિકાસદરની ગતિ જળવાઈ રહેશે તેવા આશાવાદ વ્યક્ત કર્યો છે.આરબીઆઈએ આજે વ્યાજદર ઘટાડતા હવે હાઉસીંગ-ઓટો સહિતના વ્યાજદરની તથા જીએસટી ઘટાડા જે રીતે અનેક ક્ષેત્રોને રાહત આપી છે તેમાં વધારો થશે. અગાઉ, ઓક્ટોબરમાં MPC




ની બેઠકમાં, રેપો રેટ સ્થિર રાખવા અને નાણાકીય નીતિનું વલણ તટસ્થ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.RBI ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના મુખ્ય ડેટા આર્થિક પ્રવૃત્તિમાં તેજીનો સંકેત આપે છે. GSTનું તર્કસંગતકરણ, કૃષિમાં સુધારેલી સંભાવનાઓ અને કોર્પોરેટ બેલેન્સ શીટમાં સુધારો જેવા પરિબળો આર્થિક પ્રવૃત્તિને ટેકો આપશે.

કેન્દ્રીય બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે GDP વૃદ્ધિ દર ૭.૩ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. અગાઉ, GDP વૃદ્ધિ દર ૬.૮ ટકા રહેવાનો અંદાજ હતો. આ વર્ષના ડિસેમ્બર ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર ૭ ટકા, આગામી વર્ષના માર્ચ ક્વાર્ટરમાં ૬.૫ ટકા, જૂન ક્વાર્ટરમાં ૬.૭ ટકા અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે.

કેન્દ્રીય બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે છૂટક ફુગાવાનો અંદાજ ૨ ટકા રાખ્યો છે, જે અગાઉના ૨.૬ ટકાના અંદાજથી વધુ છે.RBI ગવર્નરે એમ પણ કહ્યું કે દેશનો વિદેશી વિનિમય ભંડાર વધીને ઈ૬૮૬ બિલિયન થયો છે, જે ૧૧ મહિના માટે મજબૂત આયાત કવર પૂરું પાડવા માટે પૂરતો છે.અગાઉ, RBI ગવર્નરે ગયા અઠવાડિયે સંકેત આપ્યો હતો કે સારા મેક્રોઈકોનોમિક સૂચકાંકોને કારણે, ૫ ડિસેમ્બરે નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં વૃદ્ધિને વેગ આપવા માટે રેપો રેટમાં ઘટાડો કરવાની તક છે.

## ટૂંક સમયમાં જીએસટી રીટર્નની સમગ્ર પ્રક્રિયા ઓટો મેટીક બનશે

### નવી સિસ્ટમથી ચોરી પર રોક લાગશે અને કરદાતા મેન્યુઅલ ફેરફાર નહિ કરી શકે




નવી દિલ્હી, તા. ૦૫

સરકારે જીએસટી રિટર્ન સિસ્ટમમાં મોટા ફેરફાર કરવાની તૈયારી કરી છે.આગામી નાણાંકીય વર્ષથી જીએસટીઆર-૩ બી રિટર્ન પૂરી રીતે સ્વયં (ઓટોમેટીક) ભરાઈ જશે અને કરદાતા તેમાં મેન્યુઅલ ફેરફાર નહી કરી શકે.

આ પગલું જીએસટી છેતરપીંડી રોકવા અને રિટર્ન સિસ્ટમને પારદર્શી બનાવવા માટે ઉઠાવવામાં આવ્યું છે. નવા નિયમો અંતર્ગત આ રિટર્નમાં વેચાણ સાથે જોડાયેલી જાણકારીએ ફોર્મમાં લેવામાં આવશે.

જેમાં વેપારી અગાઉથી જ પોતાનો ડેટા ભરે છે એટલે કે જીએસટીઆર-૧ અંતર્ગત નોંધાયેલા આંકડા જ જીએસટીઆર-૩ બી રિટર્નમાં વેચાણ, ટેક્સ કે ઈનપુટ ક્રેડીટ (આઈટીસી)જેવી જાણકારી હશે આવી જ રીતે ફોર્મમાં લોક થઈને આવશે તેમાં કોઈ પ્રકારનાં ફેરફારની અનુમતિ નહિં હોય.

છેલ્લા અનેક વર્ષોમાં અનેક બોગસ કંપનીઓએ કોઈ અસલી વેપારના માત્ર ઈનવોઈસ ઈસ્યુ કરી બોગસ આઈટીસી દાવા કરાયા છે. નવી સિસ્ટમમાં આમ કરવું મુશ્કેલ બનશે. દરેક ઈનવોઈસની ચકાસણી થશે આથી આવક ચોરી પર રોક લગાવવામાં સહાય મળશે.



# ખ્વાજાગરીબ નવાઝ ટ્રસ્ટ દ્વારા ખત્ના શિબિર યોજાયો

સુરત, તા.૫

ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી તા. ૩૦/૧૧/૨૦૨૫ રવિવારના રોજ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી મફત ખત્નાનું કેમ્પ રાખવામાં આવ્યું હતું, જેમાં ૩૦ જેટલા બાળકોની ખત્ના ફ્રી કરવામાં આવી તેમજ સાથે દવા, ટયુબ અને વાલીને આઈસ્ક્રીમ પણ આપવામાં આવી હતી .જેમાં સૌરાસ્ટ્ર જિલ્લા અને કચ્છ જિલ્લાના મશહુર કે જેઓએ ૨૦ વર્ષમાં ૭૦,૦૦૦ થી વધુ ખત્ના કરેલ છે તેઓએ વૈદ કાસમ એસ. ખલીફા અને તેમની પુરી ટીમે રાજકોટ થી સુરત આવીને સેવા આપી હતી.આ કાયક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ સબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, હસ્સાન ચીડીમાર, બકુલ પટેલ, અબ્બાસ ભાઈ, સબ્બીર માસ્ટર, રફીક કાકા, સેહજાદી અને બધા જ કાર્યકરોએ ભારે મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.



અગામી સુરત જિલ્લા વકીલ મંડળ ૨૦૨૬ની ચૂંટણીમા સેક્રેટરીના હોદ્દા માટે ગતરોજ એડવોકેટ શ્રી સાગર એમ. વેલ્ધી પોતાનૈ સમર્થકો સાથે ઉમેદવારી નોધાવી હતી.

# લીન્કડીન પ્લેટફોર્મ લીડ જનરેશન માટે શક્તિશાળી સાધન છે : દિવ્યાંક જૈન

## ટેક્ષ્ટાઈલ પર્વમાં બિઝનેસના ગ્રોથ માટે લીન્કડીનના ઉપયોગ વિષે માર્ગદર્શન અપાયું

સુરત, તા.૫

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઈલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

મંગળવાર, તા. ૨ ડિસેમ્બરે ટેક્ષ્ટાઈલ પર્વના બીજા દિવસે નિષ્ણાંત વકતાઓ તરીકે પીએચડી સ્કોલર અને ટેક્ષ્ટાઈલ ગ્રાફના એડિટર શ્રી અમરિષ ભટ્ટે ટેક્ષ્ટાઈલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટની જરૂરિયાત વિષે વિસ્તૃત જાણકારી આપી હતી, જ્યારે સોશિયલ નીબુના સ્થાપક શ્રી દિવ્યાંક જૈને ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ટેક્ષ્ટાઈલ બિઝનેસના ગ્રોથ માટે લીન્કડીનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સુરત શહેર ટેક્ષ્ટાઈલનો આત્મા છે અને અહીંના ઉદ્યોગ સાહસિકોએ પોતાની મહેનત, નવીનતા અને દિર્ઘદ્રષ્ટિ દ્વારા શહેરને વૈશ્વિક ક્ષેત્રે અનોખું સ્થાન અપાવ્યું છે. ટેક્ષ્ટાઈલ પર્વના ભાગ રૂપે ટેક્ષ્ટાઈલ સેકટર સંબંધિત વિવિધ મહત્વના વિષયો પર નિષ્ણાત વક્તાઓ પાસેથી અમૂલ્ય માર્ગદર્શન ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવી રહયું છે, જે નિશ્ચિત રૂપે ઉદ્યોગને વધુ મજબૂત અને ગતિશીલ બનાવશે.

શ્રી અમરિષ ભટ્ટે જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના ઝડપી આધુનિકીકરણ વચ્ચે યુવા પેઢીએ ટેકનિકલ જ્ઞાન, નવી કુશળતા અને પ્રેક્ટિકલ સ્કિલ્સનું સમન્વય વિકસાવવું અત્યંત આવશ્યક છે. ગુણવત્તાસભર ટેક્ષ્ટાઈલ એજ્યુકેશનથી માત્ર રોજગારની તકો જ નથી વધતી, પણ વૈશ્વિક સ્તરે ભારતીય ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને મજબૂત સ્થાન પ્રાપ્ત થાય છે. તેમણે ઉદ્યોગ સાથે સંકળાયેલી સંસ્થાઓએ વધુ સ્કિલ–ઓરિએન્ટેડ કોર્સિસ, રિસર્ચ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવું જોઈએ એવી સલાહ આપી હતી.

શ્રી દિવ્યાંક જૈને જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં લીન્કડિન માત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ નહી રહયું, પરંતુ બિઝનેસ નેટર્વકિંગ, બ્રાન્ડ બિલ્ડિંગ

અનુસંધાન પાના ૭ પર

# નેગેટિવમાંથી પોઝિટિવ એ રિટેલનો સિદ્ધાંત હોવો જોઈએ : દીપક ચોકસી

## ચેમ્બર દ્વારા રિટેલપ્રિન્યોર રિડિફાઈનિંગ રિટેલ- બિલ્ડિંગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એક્સપિરિયન્સ વિષે સેમિનાર યોજાયો

સુરત, તા.૫

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રિટેલપ્રિન્યોરઃ રિડિફાઈનિંગ રિટેલ – બિલ્ડીગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એકસપિરિયન્સ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં સુરતના રિટેલ ક્ષેત્રના માંધાતાઓએ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના માનદ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા કહ્યું કે સુરતમાં ખરીદી કરીએ તો લોકો એમ નથી પૂછતાં કયું લીધું? પહેલો પ્રશ્ન એ જ કરે કે કયાંથી લીધું? આમ રિટેલમાં વિશ્વાસ વધુ અગત્યનો છે.નવીન ઈલેકટ્રોનિકસના શ્રી અનિલ જેટવાણીએ કહ્યું કે રિટેલ બદલાઈ રહ્યું છે અને આપણે બદલાવાનું છે. આજનો કસ્ટમર સ્માર્ટ અને ડિમાન્ડિંગ થઈ ગયો છે. રિટેલ માત્ર દુકાન સુધી સીમિત નથી છતાં વિશ્વાસ આજેય ગેમ ચેન્જર છે. લોકો પ્રોડકટ નહીં, વિશ્વાસ ખરીદે છે. તેમણે ગ્રાહકોનો વિશ્વાસ જીતવા, રિપિટ અને રેફરલ કેવી રીતે બને એ માટેની ટિપ્સ આપી હતી. રિટેલમાં રિટર્ન અને રિપ્લેસમેન્ટનો સામનો કેવી રીતે કરવો, ગ્રોથ કેવી રીતે કરવો એ સમજાવ્યું હતું.ડી. ખુશાલભાઈ જ્વેલર્સના શ્રી દીપક ચોકસીએ કહ્યું કે નોલેજ બિઝનેસનો પાયો છે. ચિંતા એ છે કે એઆઈ આવવાથી રિટેલ બિઝનેસનું શું થશે? કંઈક ને કંઈક નવું કરવું એ રિટેલના કેન્દ્રમાં છે. નેગેટિવમાંથી પોઝિટિવ એ રિટેલનો સિદ્ધાંત હોવો જોઈએ.

ધીરજ સન્સના શ્રી પ્રફૂલ મોદીએ કહ્યું કે દુકાનના તાળાં જાતે ખોલવા ન જોઈએ. સ્ટોર ખોલતા પહેલા અમે રિટેલ કન્સલ્ટન્ટ નિમ્યો હતો. તેમણે પોતાની વિકાસયાત્રા દ્વારા રિટેલમાં સફળ કેવી રીતે થવાય, સ્પર્ધામાં કેવી રીતે ટકી શકાય એ સમજાવ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ

અનુસંધાન પાના ૭ પર



# અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલયમાં બાળકોની ક્ષમતા અંગેનું પરીક્ષણ

## અંકલેશ્વરની શાળામાં ખાસ શિવિર યોજાયો

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલય દ્વારા બાળકોની બોલવા અને સાંભળવાની ક્ષમતા અંગેની પરીક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ શ્રીમતી પી.ડી.શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય દ્વારા બાળકોને બોલવા અને સાંભળવાની ક્ષમતા અંગેની પરીક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ઓમકાર સ્પીચ ક્લીનિકના ડોક્ટર દેવાંગી પટેલે સેવા આપી હતીમ પ્રજ્ઞા કાઉન્સિલિંગ સેન્ટર ખાતે આયોજિત શિબિરમાં બાળકોની બોલવા અને સાંભળવાની ક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઘણા બાળકોને નાનપણથી જ બોલવા અને સાંભળવાની તકલીફ હોય છે

અનુસંધાન પાના ૭ પર

# શિક્ષિકા આશીતાબેન પરમારને એવોર્ડ આપી સન્માનીત કરાયા

## રાષ્ટ્રભાષા પ્રચાર અર્થે જીવન ભારતી પ્રવૃત્તિ વિદ્યાલયના શિક્ષિકાનું મહત્વપૂર્ણ યોગદાન




"રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરત"તરફથી કેન્દ્ર વ્યવસ્થાપક ડો. હરેશભાઈ મોદી "જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય"નાં શિક્ષિકા આશિતાબહેન પરમારને "આચાર્યા ચંદ્રિકાબહેન પાઠકજી હિન્દી પરિક્ષા એવોર્ડ" અર્પણ કરતા તસ્વીરમાં નજર આવે છે.

સુરત, તા.૫

સુરતનાં પૂર્વ મેયર તેમજ રાજ્યસભાનાં પૂર્વ સભ્ય શ્રીમતી સવિતાબહેન શારદાનાં પ્રમુખ પદે ,"ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ" ના મંત્રી-સંચાલક ઍડવૉકેટ શરદભાઈ જોશીના મુખ્ય મહેમાન પદે અને "કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગરા" ના નિયામક ડૉ. સુનિલકુમાર ના અતિથિ વિશેષપદે "અખિલ ભારતીય અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા, વર્ધા", "રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરત" અને "રોટરી ક્લબ ઓફ સુરત ડાયમંડ સિટી" નાં સંયુક્ત ઉપક્રમે "સી. જી. એસ. મહિલા વિદ્યાલય મંડળ" સંચાલિત હરિપુરા માં આવેલી "અંબાબા ગર્લ્સ હાઈસ્કુલ" નાં હોલમાં યોજાયેલા ભવ્ય સમારંભમાં સુરતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી "રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધા" ની પરીક્ષામાં બેસાડવા બદલ "જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય" નાં શિક્ષિકા શ્રી આશિતાબહેન પરમારને સુરત કેન્દ્રના કેન્દ્ર વ્યવસ્થાપક ડૉ. હરેશભાઈ મોદીના શુભ હસ્તે "આચાર્યા ચંદ્રિકાબહેન પાઠકજી હિન્દી પરીક્ષા ઍવૉર્ડ" અર્પણ કરી સન્માનવામાં આવ્યાં હતાં. આ સમારંભનું ઉદ્દઘાટન "સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી" સંચાલિત "એમ. ટી. બી. આર્ટસ કૉલેજ ના આચાર્ય ડૉ. મુકેશભાઈ પટેલે કર્યું હતું . તેમજ સ્વાગત પ્રવચન "અખિલ ભારતીય અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા, વર્ધા" ના મંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ ઢંઢારે એ કર્યું હતું

# રાજપીપળા ચોકડી પરથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો




## અંકલેશ્વર ક્રાઈમ બ્રાન્ચે બોનેટમાંથી દારૂ શોધી કાઢયો

અંકલેશ્વર, તા.૫

ભરૂચ એલસીબીએ અંક્લેશ્વરની આવેલ રાજપીપળા ચોકડી ઉપર આવેલ સદાનંદ હોટલ પાસેથી વિદેશી દારૂ ભરેલ ક્રેટા ગાડી સાથે એક ઈસમને ૬.૯૧ લાખના મુદ્દામાલ સહિત ઝડપી પાડ્યો હતો

ભરૂચ એલસીબીએ અંક્લેશ્વરની આવેલ રાજપીપળા ચોકડી ઉપર આવેલ સદાનંદ હોટલ પાસેથી વિદેશી દારૂ ભરેલ ક્રેટા ગાડી સાથે એક ઈસમને ૬.૯૧ લાખના મુદ્દામાલ સહિત ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એલસીબીના પી.આઈ. એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ડી.એ.તુવર સહિત સ્ટાફ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે હ્યુંડાઇ ક્રેટા ગાડી નંબર- GJ-16-DK-૬૧૨૧માં વિદેશી દારૂ ભરી દઢાલથી અંક્લેશ્વર તરફ આવનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે રાજપીપળા ચોકડી પાસે વોચમાં

અનુસંધાન પાના ૭ પર



# અંકલેશ્વરમાં આઈએસટીડી ચેપ્ટરમાં યુવાનોને માર્ગદર્શન

## નેક્સ જનરેશન ટ્રેનિંગ માટે સેમિનાર યોજાયો

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર ખાતે ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ (ISTD) ના ચેપ્ટર નો પ્રારંભ કરાયો હતો. ઓએનજીસી સૂર્યા ઓડિટોરિયમ ખાતે ટ્રેનિંગ સાથે પર્સનાલિટી ડેવલપમેન્ટ થી લઈ તમામ ક્ષેત્રે માટે યુવાનો ની નેક્સ જનરેશન ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ સેમિનાર યોજાયો હતો.ભરૂચ ચેપ્ટર બાદ હવે ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ (I S T D ) અંકલેશ્વર ચેપ્ટર નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ચેપ્ટર ના સ્થાપક પ્રમુખ તરીકે એસેટ મેનેજર જી જી એમ જે.એન. સુકનંદન ની નિયુક્તિ કરવામાં આવી હતી. ગત રોજ ઓએનજીસી કોલોની ખાતે સુર્યા ઓડિટોરિયમ ઉદ્ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ ના અને જાણીતા ઉદ્યોગ અગ્રણી અશોક પંજવાણી તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડિયન સોસાયટી ઓફ ટ્રેનિંગ ડેવલપમેન્ટ ચેપ્ટર ભરૂચ ના ભાગ રૂપે યુવા વર્ગ માટે વિશેષ સ્કિલ ડેવલપમેન્ટ સેમિનાર નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માત્ર ટ્રેનિંગ નથી પર્સનાલિટી ડેવલપમેન્ટ થી લઈ તમામ ક્ષેત્રે માટે આગામી યુવા પેઢી ને તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યા માં યુવા વર્ગ એ ભાગ લીધો હતો

# સારા માણસ બનવાની ઈચ્છા પ્રગતિશીલ અભિગમની દિશા છે : કાનજીભાઈ ભાલાળા

## સફળતા માટે પ્રયાસ જરૂરી છે, હરીફાઈ કરવાની જરૂર નથીઃ મેહુલ હિરપરા

સુરત, તા.૫

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી તા. ૦૪-૧૨-૨૦૨૫ ગુરૂવારના રોજ જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૩૬ માં વિચારોનું વાવેતર કાર્યક્રમનું આયોજન થયું હતું. તે પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, બાળકોમાં અઢળક કલ્પના શક્તિ હોય છે. પરંતુ બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેની કલ્પના શક્તિ મુરજાતી જાય છે. મોટે ભાગે લોકો પોતાની જ માન્યતામાં પુરાય જાય છે અને પોતાના અભિગમથી જીવતા હોય છે. આ અભિગમ જ ખુશી અને પ્રગતિનો આધાર બનતા હોય છે. જીવનની સુખાકારી અને સફળતા માટે પ્રગતિશીલ અભિગમ




ખુબ જરૂરી છે. નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, સારા માણસ બનવાની ઈચ્છા થાય તે પ્રગતિશીલ અભિગમ કેળવવાની પ્રથમ શરત છે. અભિગમ જીવનનો દ્રષ્ટિકોણ છે જે ખુશી અને પ્રગતિનો આધાર છે. અભિગમ એટલે જીવન જોવાનો દ્રષ્ટિકોણ છે. જે આપણા અભિગમનું ઘડતર કરે છે. જે વાણી, વર્તન અને વ્યવહારમાં વ્યક્ત થાય છે. આ વ્યવહાર જ જીવનમાં અને ધંધા-વેપાર-વ્યવસાયની પ્રગતિને અસર કરતા હોય છે. ખરેખર જગતને મુલવવાની આપણી રીતે એ જીવનનો અભિગમ છે. માણસ કેટલો બુદ્ધિશાળી છે? કેટલો પૈસાદાર છે? અને કેટલો જ્ઞાની છે? તે મહત્વનું છે. પરંતુ તેનાથી વધુ મહત્વનું તેનો અભિગમ છે. રાવણ પાસે બધું જ હતું પણ જીવનનો અભિગમ જ તેને અહંકારી બનાવ્યો હતો.

પ્રગતિશીલ અભિગમ માણસના જીવનમાં સફળતા અપાવે છે. સારા માણસ બનવાની ઈચ્છા પ્રગતિશીલ અભિગમની દિશા છે. સારૂ જીવવું અને સતત પ્રગતિ કરવી તે પ્રગતિશીલ અભિગમના લક્ષણો છે. પરિવાર

અનુસંધાન પાના ૭ પર



# જિલ્લાના ૩૫૦ યુવાનો રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં જોડાયા

સુરત, તા.૫

સુરત જિલ્લાના ૩૫૦ યુવાનો સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી યોજાઈ રહેલી રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં જોડાયા છે. તા.૨૬મી જાન્યુઆરીએ કરમસદથી શરુ થઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી જઈ રહેલી રાષ્ટ્રીય કક્ષાની 'એકતા પદયાત્રા'ના ૮મા દિવસે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની પ્રેરણાથી સુરત જિલ્લાના ૩૫૦ યુવા સ્પર્ધકોએ ભાગ લઈ રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપ્યો હતો. યાત્રા દરમિયાન યુવાનોએ " લોખંડી પુરૂષ જય સરદાર, જય સરદાર"ના ગગનભેદી નારા સાથે સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગમાં રંગી દીધું હતું. આ આયોજનને સફળ બનાવવામાં સુરત 'માય ભારત'ના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી સચિન શર્મા, યુવા ટીમના મનોજ દેવીપૂજક, કમલ સોલંકી, પ્રદીપ શિરસાઠ, દિયા ગાંગાણી અને વૈષ્ણવી રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા.

# ખાદ્ય અને સેનિટેશન વિભાગ દ્વારા વિવિધ સંસ્થાઓને રૂ. ૪.૩૬ લાખનો દંડ

સુરત, તા.૫

નાયબ મુખ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનને આગળ ધપાવતા સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ સ્વચ્છતા કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ડુમસ બીચ ખાતે ફૂડ વિભાગ દ્વારા ૬૮ સંસ્થાઓમાંથી ૧૦૩ સેમ્પલ લઈ ૫૧ સંસ્થાઓને નોટીસ અપાઈ હતી. સેનિટેશન ટીમ દ્વારા પ્રવાસન સ્થળ, બસ/રેલ્વે સ્ટેશનની ૨૬૦ સંસ્થાઓમાં તપાસ કરી કચરાપેટી ન રાખતી ૭૨ સંસ્થાઓને નોટીસ પાઠવવામાં આવી હતી. સુરત શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવા ૬૪ સંસ્થાઓ ચેક કરી તપાસ દ્વારા ૧૪૦ કિ.ગ્રા. સિંગલ યુઝ/પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૪.૩૬ લાખના દંડની વસુલાત કરવામાં આવી હતી.

# યોગ મટાડે મનના રોગઃ યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે જેનાથી જીવનમાં અનેકવિધ દુઃખો ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે



"અભિનિવેશ એટલે પ્રાણીમાત્રમાં રહેલી, વિદ્વાનોને પણ બાંધનારી જીવવાની ઈચ્છા"પ્રત્યેક પ્રાણીમાં જીવવાની તીવ્ર ઈચ્છા હોય છે. મૃત્યુનો ભય વિદ્વાનોને પણ હોય છે. આમ હોવાનું કારણ દેહાધ્યાસ છે. દેહનું હોવું મારું હોવું છે અને દેહનું મૃત્યુ તે મારું મૃત્યુ છે- એવી ધારણા ચિત્તમાં દઢપણે બેસી ગઈ છે, તેથી સૌ કોઈ જીવનને લંબાવવા ઈચ્છે છે અને મૃત્યુને ટાળવા ઈચ્છે છે. વૃદ્ધાવસ્થા, રોગ કે અન્ય કારણોસર જીવન દુઃખદ હોય તો પણ સૌમાં જીવવાની ઈચ્છા તો રહે જ છે.વિદ્વાનમાં પણ જીવન લંબાવવાની ઈચ્છા હોય જ છે. વિદ્વાનનો અર્થ અહીં જ્ઞાની પુરુષ નથી, પરંતુ પંડિત છે. જ્યાં સુધી આત્મા અને શરીરનું તાદાત્મ્ય હોય છે, ત્યાં સુધી વિદ્વાનમાં પણ ક્લેશો રહે જ છે, કારણ કે ક્લેશોનું મૂળ કારણ અવિદ્યા તો હયાત જ રહે છે.

ક્લેશ' શબ્દનો સામાન્ય અર્થ દુઃખ છે, પરંતુ અહીં ક્લેશનો અર્થદુઃખનું કારણરૂપ તત્ત્વ' છે. યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે જેનાથી જીવનમાં અનેકવિધ દુઃખો ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે. ભગવાન પતંજલિએ આર્ષદષ્ટિથી જીવનનાં બધાં જ દુઃખોના મૂળમાં આ પાંચ કારણો જોયાં છે અને તેથી તેમને ક્લેશો કહ્યા છે. આ ક્લેશો સર્વ ક્લેશોના પાયામાં રહેલા મૂળભૂત અને કારણરૂપ ક્લેશો છે.દુઃખમાંથી આત્યંતિક મુક્તિ ત્યારે જ શક્ય બને જ્યારે સાધક ક્લેશોમાંથી આત્યંતિક રીતે મુક્ત થાય.આ પાંચે ક્લેશો એકબીજાથી તદ્દન ભિન્ન નથી, પરંતુ કારણ-કાર્યની શૃંખલાથી જોડાયેલા છે. અવિદ્યા મૂળભૂત કારણ છે. તેમાંથી અસ્મિતા જન્મે છે. અસ્મિતામાંથી રાગ પેદા થાય છે. દ્વેષ તો રાગનું જ બીજું રૂપ છે. આ શૃંખલામાં છેલ્લે આવે છે અભિનિવેશ.

ક્લેશોની અવસ્થા :

ઉપરોક્ત પાંચ ક્લેશોની ચાર અવસ્થા છે. અવિદ્યા ક્લેશોનું ક્ષેત્ર છે. સર્વ દુઃખો અને દુઃખોના મૂળભૂત કારણો અવિદ્યામાંથી ઉત્પન્ન થાય છે. ક્લેશોની ચાર અવસ્થા આ પ્રમાણે છે – પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર.

(૧) પ્રસુપ્ત : આ અવસ્થામાં ક્લેશો માત્ર બીજરૂપે હોય છે, પરંતુ કાર્યરત હોતા નથી. દા. ત. બાલ્યાવસ્થામાં ભોગેચ્છા પ્રસુપ્તાવસ્થામાં હોય છે.

(૨) તનુ : પ્રતિપક્ષભાવના, ક્રિયાયોગ, અષ્ટાંગયોગ આદિ સાધનોના અભ્યાસથી ક્લેશો જ્યારે શિથિલ થઈ ગયા હોય અને ચિત્તમાં હોવા છતાં પોતાના કાર્યનો પ્રારંભ કરવા જેટલા પ્રબળ ન હોય ત્યારે તે અવસ્થાને ક્લેશોની 'તનુ' અવસ્થા કહેવામાં આવે છે.

(૩) વિચ્છિન્ન : જ્યારે કોઈ બલવાન ક્લેશના પ્રાબલ્યને કારણે અન્ય ક્લેશ દબાયેલા રહે ત્યારે તે દબાયેલા ક્લેશની વિચ્છિન્ન અવસ્થા ગણાય છે. દા.ત. તીવ્ર દુઃખના અનુભવ વખતે કામવાસના દબાઈ જાય છે.

(૪) ઉદાર : કોઈ પણ ક્લેશ જ્યારે કાર્યરત બને, અર્થાત્ ક્લેશ વ્યક્તિના વર્તનને પ્રભાવિત કરે, તેને દોરે ત્યારે તે અવસ્થાને ક્લેશની ઉદાર અવસ્થા ગણવામાં આવે છે.

ક્લેશોની આ ચારે અવસ્થા ઉત્તરોત્તર પ્રબળ અવસ્થા છે. ઊલટા ક્રમે જતાં ક્લેશોનું પ્રાબલ્ય ઘટે છે અને અંતે તેમનો નાશ થાય છે.

ભગવાન બુદ્ધે ચાર આર્ય સત્યો આપતાં કહ્યું છે : દુઃખનું કારણ ઈચ્છા છે. આ એક સનાતન સત્ય અને સર્વમાન્ય સિદ્ધાંત છે કે દુઃખનું કારણ ઈચ્છા છે. ભગવાન પતંજલિ પણ એમ જ કહે છે કે દુઃખનું કારણ રાગ-દ્વેષ છે; પરંતુ તેથી પણ આગળ વધીને તેઓ કહે છે કે રાગ-દ્વેષનું કારણ અસ્મિતા અને તેનું કારણ અવિદ્યા છે. આમ સર્વ દુઃખોનું મૂળ કારણ અવિદ્યા છે તેમ યૌગિક મનોવિજ્ઞાન કહે છે. યૌગિક મનોવિજ્ઞાન એક મૂલ્યવાન અને પાયાનું દર્શન આપે છે કે બધાં દુઃખોનું કારણ અવિદ્યા છે અને દુઃખોમાંથી આત્યંતિક મુક્તિનો ઉપાય અવિદ્યામાંથી મુક્ત થવું તે જ છે.ભારતીય અધ્યાત્મપરંપરામાં ષડ્રિપુઓનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવે છે. આ ષડ્રિપુઓ છે – કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. માનવને દુઃખ આપનાર આ ષડ્રિપુઓ જ છે. આ જ સત્ય ભગવાન પતંજલિ "પાંચ ક્લેશો"ના દર્શન દ્વારા વધુ સારી રીતે અને વધુ ઊંડાણથી આપે છે. ભગવાન પતંજલિનો અભિગમ મૂલગામી અને મનોવૈજ્ઞાનિક પણ છે.આધુનિક મનોવિજ્ઞાન પણ વ્યક્તિમાં રહેલી મૂળભૂત પ્રેરણાઓને સમજવા પ્રયત્ન કરે છે. મનોવિજ્ઞાને સમજાવેલ સર્વ પ્રેરણાઓનો ભગવાન પતંજલિ રાગ-દ્વેષમાં સમાવેશ કરે છે અને મનોવિજ્ઞાનથી ઊંડા જઈને અસ્મિતા અને અવિદ્યાને તેમના મૂળ કારણ તરીકે શોધી આપે છે. "દુઃખનું મૂળ કારણ અવિદ્યા છે અને અવિદ્યામુક્તિથી દુઃખમુક્તિ શક્ય છે." યૌગિક મનોવિજ્ઞાનના આ સિદ્ધાંત સુધી પહોંચતાં આધુનિક મનોવિજ્ઞાનને હજુ સમય લાગશે.

ચિત્તની વૃત્તિઓનું વર્ગીકરણ કરતી વખતે પતંજલિએ વૃત્તિઓના પાંચ વર્ગો આપ્યા છે. અહીં આપેલ આ પાંચ ક્લેશો વૃત્તિઓના કારણસ્વરૂપે રહેલા છે, તેથી ક્લેશો વૃત્તિઓના પાયામાં છે. વૃત્તિઓ તો ચિત્તના તરંગો છે અને ક્લેશો તો ચિત્તમાં ઊંડે સંસ્કારોના રૂપે પડેલા જ છે. ક્લેશોમાંથી મુક્ત થયા વિના વૃત્તિઓમાંથી મુક્ત થઈ શકાય નહીં.

## ક્લેશમુક્તિના ઉપાયો :

એક અધ્યાત્મવિદ્યા તરીકે યોગશાસ્ત્રમાં ક્લેશોમાંથી મુક્તિના ઉપાયો પણ આપવામાં આવ્યા છે.

(૧) ક્રિયાયોગ :

ક્લેશોની પ્રબળતા ઓછી કરવા માટે ભગવાન પતંજલિ ક્રિયાયોગનું પરિશીલન સૂચવે છે.

"તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન ક્રિયાયોગ છે."

પ્રાણાયામના વિવિધ પ્રકારો, સંયમી જીવનપદ્ધતિ, તિતિક્ષા, સાધનાપરાયણતા આદિ તપ છે.

અધ્યાત્મપથના પ્રમાણભૂત શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, ગાયત્રી, મહામૃત્યુંજય આદિ મહામંત્રોનો જપ આદિ સ્વાધ્યાય છે.

ભગવત્પ્રીત્યર્થે પૂજા, યજ્ઞ, પાઠ, જપ આદિ કર્મો ઈશ્વરપ્રણિધાન છે. ઈશ્વરપ્રણિધાનથી ક્લેશોનું બળ ઘટે છે અને ચિત્તની સમાધિ માટેની યોગ્યતાનું નિર્માણ થાય છે.

(૨) અભ્યાસ-વૈરાગ્ય :

અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તની વૃત્તિઓ અને ચિત્તના ક્લેશોનો નિરોધ થાય છે. ચિત્તને વૃત્તિઓના પ્રવાહ અને ક્લેશોમાંથી પાછું વાળીને સમ-અવસ્થામાં સ્થિર કરવા માટેનો પ્રયત્ન તે અભ્યાસ છે.

અધ્યાત્મ પ્રત્યે એકનિષ્ઠા અને તદ્વિરોધી સાંસારિક આસક્તિઓ પ્રત્યે અનાસક્તભાવ ધારણ કરવો તે વૈરાગ્ય છે.

(૩) ઈશ્વરપ્રણિધાન :

ઈશ્વરપ્રણિધાન એટલે પરમાત્મા પ્રત્યે સમર્પણભાવ ધારણ કરવો તે. ક્રિયાયોગના ભાગરૂપે જે ઈશ્વરપ્રણિધાન છે તે ક્રિયાત્મક છે. અહીં જેનો ઉલ્લેખ છે તે ભાવનાપ્રધાન છે.

ઈશ્વરપ્રણિધાનભાવથી ક્લેશોનું બળ ઘટે છે.

# આપણી લાગણીઓ આપણને જીવનરક્ષક દવાઓ કરતાં પણ વધુ સ્વસ્થ રાખે છે

આપણી લાગણીઓ, આપણા વિચારો ખરેખર ખૂબ જ શક્તિશાળી હોય છે, કારણ કે તે આપણા મગજનો હિસ્સો છે, શરીરનો નહીં. જ્યાં આપણી લાગણીઓ આપણને માનસિક રૂપે પૂર્ણ બનાવે છે, ત્યાં દુનિયાને સમજવા, પરિસ્થિતિઓને સંભાળવા અને જીવન જીવવા અંગેના આપણા દષ્ટિકોણને મહત્ત્વપૂર્ણ આકાર આપે છે.

આપણે કેટલા સ્વસ્થ રહીએ છીએ તે આપણી લાગણીઓને આધારે જ નક્કી થાય છે. ઘણી વખત આપણે શારીરિક રીતે સ્વસ્થ હોઈએ છીએ, પરંતુ જો ભાવનાત્મક રીતે નિસ્તેજ હોઈએ તો કંઈપણ સાં નથી લાગતું અને શરીરમાં જરા પણ તાકાત નથી અનુભવાતી. તેથી જ કહેવાય છે કે, આપણી લાગણીઓ આપણને જીવનરક્ષક દવાઓ કરતાં વધુ ઊર્જા આપે છે. એવા અગણિત અભ્યાસો થયા છે જે સાબિત કરે છે કે જ્યારે દર્દી અનુકૂળ લાગણીઓથી ઘેરાયેલો હોય ત્યારે તે ખૂબ ઝડપથી સ્વસ્થ થાય છે. તેથી, સ્વસ્થ રહેવા માટે, આપણા શરીરમાં હંમેશાં સ્વસ્થ લાગણીઓ હોવી જરૂરી છે.



આપણી લાગણીઓ આપણા જીવનને સંગીતમય બનાવી શકે છે અને તેને નરકમાં પણ ફેરવી શકે છે. વાસ્તવમાં, લાગણીઓમાં જીવનશક્તિ હોય છે, તેવી શક્તિ જીવનરક્ષક દવાઓમાં પણ નથી હોતી. તેથી જ ડોક્ટરો અને મનોવૈજ્ઞાનિકો બંને કહે છે કે જો તમારે સાં અને સુખી જીવન જીવવું હોય તો તેના માટે તમારી લાગણીઓને પકડી રાખો. લાગણીઓ કેવળ વારસાગત નથી, કે તે માત્ર આનુવંશિક વારસો નથી. તે સમજ, સંવેદનશીલતા અને ઉછેરથી મળી શકે છે, પ્રાપ્ત થઈ શકે છે. ચાલો જાણીએ કેટલાક મહત્ત્વના તથ્યો દ્વારા કેવી રીતે આપણી લાગણીઓ આપણને જીવનમાં સફળતાના મુકામ સુધી લઈ જાય છે.

**જ્યારે આપણે હસીએ છીએઃ** સાંભળવામાં અતિશયોક્તિ લાગશે, પરંતુ સ્વસ્થ રહેવાની વાત આવે ત્યારે હાસ્ય એ સૌથી અસરકારક ટોનિક છે. હસવાથી આપણા ફેફસાં અને હૃદયની સારી કસરત થાય છે. વધુમાં, હીલિંગ હોર્મોન્સ શરીરમાં ઉત્પન્ન થાય છે. દિલ ખોલીને હસવાથી આપણું બ્લડપ્રેશર લેવલમાં રહે છે. શ્વાસ લેવાનું સરળ બને છે. વ્યક્તિને શાંતિપૂર્ણ ઊંઘ આવે છે અને સ્વાસ્થ્ય પણ સાં રહે છે. હસવાથી આખુ શરીર 'કામ એન્ડ કૂલ' થઈ જાય છે. મિત્રો અને અજાણ્યા લોકો સાથેના સંબંધો સુધરે છે. તેથી હવે બીજી વાર જ્યારે પણ તમે કોઈ બાબતમાં તણાવ અનુભવો, ત્યારે માત્ર સ્મિત કરી જોજો, પછી તણાવ કેવો છૂમંતર થઈ જશે.

**જીવનદાયી પ્રેમઃ** માત્ર કહેવાની વાત નથી, પ્રેમમાં ખરેખર ઘણી શક્તિ હોય છે. તે મૃત્યુના આરે હોય તેવા દર્દીઓને પણ પાછા લાવે છે. એવા તો ઘણા કિસ્સાઓ છે કે કેન્સર સામે લડી રહેલા અને મૃત્યુ તરફ આગળ વધતા દર્દીઓ કોઈના પ્રેમની દોરી પકડીને જીવનના આંગણે ખેંચાઈ ગયા. એવું કહેવાય છે કે જે વ્યક્તિની પત્ની કામ પર જતા સમયે તેને પ્રેમથી વિદા કરે છે તેની આયુ ૫ વર્ષ વધી જાય છે.

વિશ્વાસ પર દુનિયા ટકે છેઃ આશા એટલે કે સકારાત્મકતા એ ગુત્વાકર્ષણ છે, કે જેના આધારે વિશ્વ સ્થિર રહે છે. જો જીવનમાં કોઈ આશા ન હોય તો, આપણે સમય પહેલાં ભલે મર્યા ન હોય, પરંતુ મૃત્યુ પામ્યા હોય તેવા જ બની જઈએ છીએ. જો જીવનમાં આશા ન હોય તો સમય પહેલા આપણે વૃદ્ધ થઈ જઈએ છીએ. આપણે બધાને જીવનમાં તંદુરસ્ત રહેવા માટે એક મહાન હેતુ, એક મોટી આશાની જરૂર હોય છે.

આશા વિના આપણે જીવનમાં ક્યારેય સંઘર્ષ કરી શકતા નથી. કિશોરાવસ્થા દરમિયાન, આપણા બધામાં અપાર ઊર્જા હોય છે કારણ કે આપણે આશાઓ અને કલ્પનાઓથી ભરેલા છીએ. ભલે પછીથી આપણે તેને શેખચિલ્લીના સપનાં ગણીએ, પરંતુ આવી આશાઓ, આવી મહત્વાકાંક્ષાઓ, આવી ઈચ્છાઓ આપણને જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપે છે, શક્તિ આપે છે.

**હિમ્મતે મર્દાપઃ** એક પ્રસિદ્ધ કહેવત છે, હિમ્મતે મર્દા, મદદે ખુદા. એટલે કે જેનામાં કંઈક કરવાનો આત્મવિશ્વાસ અને વિશ્વાસ હોય, ભગવાન પણ તેની મદદ કરે છે. તેથી, જો તમે જીવનમાં સ્વસ્થ અને ભવિષ્ય માટે ઉત્સાહથી ભરેલા રહેવા માગતા હોવ તો તમારા આત્મવિશ્વાસને ક્યારેય ઘટવા ન દો. જો આપણામાં આત્મવિશ્વાસ ન હોય તો દરેક વ્યક્તિ, પરિવાર, મિત્રો, માતા-પિતા, નોકરીદાતાઓ વગેરે બધા આપણને ધક્કો મારીને આગળ વધી જાય છે. આત્મવિશ્વાસના અભાવે, આપણે એવા નિર્ણયો લઈએ છીએ જે આપણા માટે અનુકૂળ નથી હોતા. જ્યારે આપણે બજારમાં જઈએ છીએ, ત્યારે આપણે ઘણી બધી બિનજરી વસ્તુઓની ખરીદી કરીએ છીએ કારણ કે આપણમાં તેનો ઈનકાર કરવાનો આત્મવિશ્વાસ નથી હોતો. જો આપણમાં આત્મવિશ્વાસ ન હોય તો આપણે ગમે તેટલી મોંઘી રેસ્ટોરન્ટમાં બેસીએ તો પણ આપણને મનપસંદ સર્વિસ નહીં મળે. આત્મવિશ્વાસ ખરેખર આપણને એ સ્થાન મેળવવામાં મદદ કરે છે, જેની આપણને જરૂર છે, જે આપણું આત્મસન્માન વધારે છે. આત્મવિશ્વાસને કારણે આપણે આપણી ઈચ્છા મુજબ જીવી શકીએ છીએ અને આપણી ઈચ્છા મુજબ કરી શકીએ છીએ, તેથી જીવનમાં સ્વસ્થ અને સફળ થવા માટે આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. આત્મવિશ્વાસની આ લાગણી એ કરી બતાવે છે જે ઘણીવાર મોંઘી દવાઓ પણ નથી કરી શકતી.

# ધાર્યા કરતાં વહેલી આવી શકે છે બરફવિહીન આર્કટિકની બિહામણી તસવીરો



એક પત્રિકામાં પ્રકાશિત એકદમ નવા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો વિશ્ર્વમાં કોઇ પણ રીતે બધાં ભેગાં મળીને કાર્બન એમિસન ઓછું કરવામાં સફળ થશે તો પણ આવનારા દાયકાઓમાં આર્કટિક સમુદ્રના બરફને ઓગળતા રોકી નહીં શકાય. બરફનો જથ્થો ઓછો થાય એ શકય છે. આ ચિંતાજનક અહેવાલ છે કેમકે આર્કટિક સમુદ્ર દુનિયા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણ? બરફની વિશાળ ચાદર જે આર્કટિક ક્ષેત્ર પર ફેલાયેલી છે, તેની ગ્લોબલ કલાઈમેટને પ્રભાવિત કરવામાં અને આર્કટિક સમુદ્રના તાપમાનને વધારવા અથવા ઘટાડવામાં મુખ્ય ભૂમિકા છે.શિયાળામાં આર્કટિક સમુદ્રનો બરફ આર્કટિક મહાસાગરના અધિકત્તમ ભાગને ઢાંકી દે છે અને ગરમીમાં લાંબા સમય સુધી તડકો રહેવાથી જ્યારે તાપમાન વધી જાય છે. ત્યારે બરફનો કેટલોક ભાગ પીગળી જાય છે. સામાન્યપણે સમુદ્રનો બરફ સૌથી પાતળો અને સૌથી ઓછો સપ્ટેમ્બરના મધ્યાભાગમાં હોય છે અને એ સમયે બરફથી જે ક્ષેત્ર ઢંકાયેલું હોય છે, તે શિયાળાની અધિકત્તમ સરખામણીમાં લગભગ અડધો થઇ જાય છે. શિયાળો શરૂ થતાંની સાથે જ તાપમાન ઓછું થવા લાગે છે તો બરફ સતત ફેલાતો જાય છે અને બરફનું સ્તર જાડું થતું જાય છે. માર્ચમાં એ પોતાની ચરમસીમા પર હોય છે.સમુદ્રના બરફના સંદર્ભમાં અમેરિકાની એન્વાયરમેન્ટ પ્રોટેકશન એજન્સી (ઇપીએ)એ જણાવ્યું હતું કે, 'સમુદ્રનો બરફ હલકા રંગનો હોય છે એટલે તે તરલ પાણીની સરખામણીમાં વધારે સૂર્યપ્રકાશ અવકાશમાં પાછો ફેંકે છે. આ રીતે તે પોલાર ક્ષેત્રોને ઠંડા રાખવામાં અને પૃથ્વીની ઊર્જાનું સંતુલન જાળવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમુદ્રનો બરફ હવાને પણ ઠંડી રાખે છે કે ઉપરની ઠંડી હવા અને નીચે તુલનાત્મક દ્રષ્ટિથી ગરમ પાણીની વધમાં બેરિયર બનાવીને, જ્યારે સમુદ્રી બરફની માત્રા ઓછી થવા લાગે છે. તો આર્કટિક ક્ષેત્રને ઠંડું કરવાનો પ્રભાવ પણ ઓછો થઇ જાય છે, એનાથી 'ફીડબેક લૂપ' બનવાની શરૂઆત થઇ શકે છે. જેમાં સોલાર એનર્જી વધારે શોષવાથી સમુદ્રી બરફ વધારે પીંગળે છે, પરિણામે વૉર્મિંગમાં વધારો થાય છે.સમુદ્રી બરફમાં પરિવર્તન થવાથી બાયોડાયવર્સિટી પર અસર પડે છે, અને સસ્તન પ્રાણીઓ પ્રભાવિત થાય છે. જેમકે પોલાર બિયર અને વૉલરસ જે શિકાર, પ્રજનન અને પલાયન માટે સમુદ્રી બરફની હાજરી પર નિર્ભર રહે છે. બરફની સપાટી ઓછી થવાથી દેશ જ આર્કટિક જનસંખ્યા જેવાં કે યુપઇક, ઇનુપિઅત અને ઇનુઇટની પરંપરાગત જીવનનિર્વાહની શિકારી જીવનશૈલી પણ પ્રભાવિત થાય છે, એવું ઇપીએએ જણાવ્યું હતું.બીજી તરફ સમુદ્રી બરફની માત્રા ઓછી થવાથી કમર્શિયલ અને આર્થિક અવસર પણ ઉત્પન્ન થાય કેમકે શિપિંગની લાઇન ખુલી જાય છે. આર્કટિક ક્ષેત્રના પ્રાકૃતિક સંસાધનો માટે એકસેસ વધી જાય છે. અગાઉ જ ગ્લોબલ પ્રતિસ્પર્ધામાં વૃદ્ધિ થઇ છે અને ભારત સહિત અનેક દેશ આર્કટિક કાઉન્સિલ જેવા જૂથો જે આર્કટિક સંસાધનોના એકસેસને નિયંત્રિત કરે છે, તેઓ વધારે પ્રભાવી ભૂમિકા માટે પ્રયાસરત છે.અત્યારે સવાલ એ છે કે નવો અભ્યાસ શું કહે છે? આર્કટિક સમુદ્રનો બરફ ઓછો થઇ રહ્યો છે, એ વાત કાંઇ છુપાયેલી નથી, અને કલાઇમેટ ચેન્જ અંગે સરકારી પેનલ (આઇપીસીસી)નાં અનેક અહેવાલમાં આ તથ્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સાથે જ એ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ૨૦૫૦ પહેલાં દુનિયા પહેલીવાર 'સમુદ્રી બરફ મુક્ત સમર' જોઇ લેશે. આ ધારણા મુજબ ગ્લોબલ એમિશન તાપમાનને ૪.૫ ડિગ્રી સેલ્સિયસથી આગળ લઇ જશે, તેનાં ફળસ્વરૂપે ૨૦૮૧-૨૧૦૦ સુધી આર્કટિક સાગર બરફ મુક્ત થઇ જશે. આ વાતમાં અનિશ્ર્ચિતતા હતી કે આ સમુદ્રી બરફ મુક્ત દશ્ય બીજી સ્થિતિઓ પર પણ લાગુ થશે. જ્યાં કાર્બન એમિશનને નિયંત્રિત કરી લેવામાં આવ્યું છે. એ સુનિશ્ર્ચિત કરવા માટે તાપમાનમાં વૃદ્ધિ એટલે કે ૧.૫ કિગ્રી સેલ્સિયસ અથવા બે ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત કરી લેવામાં આવશે, જેની કલ્પના પેરિસ એગ્રીમેન્ટમાં કરવામાં આવી હતી.નવા 'નેચર' અભ્યાસમાં પુષ્ટિ કરવામાં આવી છે કે ગરમીમાં આર્કટિક સમુદ્રના બરફને બચાવવાની કોઇ યોજના નથી એ સિવાય, જો કાર્બન એમિશનમાં જબરદસ્ત ઘટાડો કરવાના જલદી પ્રયાસ કરવામાં નહીં આવે તો દુનિયા પહેલીવાર 'સમુદ્રી બરફ મુક્ત સમર' ૨૦૩૦નાં દાયકામાં જ જોઇ લેશે, બીજાં શબ્દોમાં કહીએ તો પહેલીવાર 'સમુદ્રી બરફ મુકત ગરમી' માત્ર સાત વર્ષ પછી જ જોવા મળશે. જ્યારથી આર્કટિક સમુદ્રને સેટેલાઇટ રેકોર્ડસના માધ્યમથી મોનિટર કરવામાં આવે છે, ત્યારથી જ એ જોવા મળ્યું છે કે દર વર્ષે લગભગ ૧૩ ટકાના દરે બરફ ઓછો થઇ રહ્યો છે. સવાલ એ પણ છે કે 'નેચર' પત્રિકાના આ નવા અભ્યાસના નિષ્કર્ષનો આધાર શું છે? શોધકર્તાઓએ સૌથી પહેલું અનુમાન લગાવ્યું કે કેટલો બરફ માનવસર્જિત કારણોથી પીગળી રહ્યો છે અને તેમને એ જાણવા મળ્યું કે એની માત્રા ૯૦ ટકા છે અને બાકીનો બરફ પ્રાકૃતિક પરિવર્તનને કારણે પીગળી રહ્યો છે.તેમણે સ્થાપિત કર્યું હતું કે કલાઇમેટ મોડલ્સ, જેનાં પર આઇપીસીસીએ પણ ભરોસો મૂકયો હતો.





# સાડીઓની સજાવટનો સ્ટાઈલીશ શણગાર – રેડીમેઇડ સાડી

દરેક છોકરીનું સપનું હોય છે – સાડી પહેરવાનું. સાવ નાની છોકરી હશે જે ભારતમાં જન્મી હશે તેને પણ સાડી પહેરવાની ઈચ્છા થતી હોય છે. ટીચર્સ ડે જેવા પ્રસંગ નિમિત્તે નાની વિદ્યાર્થિની બહેનો સાડી પહેરીને મસ્ત તૈયાર થઈને સ્કૂલે જતી હોય છે. ભારતમાં જન્મેલી કે ભારત સાથે આડકતરો પણ સંબંધ ધરાવતી કોઈ પણીને એક વખત તો સાડી પહેરવાની ઈચ્છા હોય જ છે. લેડી ગાગા જેવી સિંગર પણ ભારત આવે તો સાડી પહેરે છે. સાડી જેવું પરિધાન પહેરવું અઘરું છે પણ એનો ટ્રેન્ડ જતો નથી. તે ફોરેવર એવરગ્રીન પોશાક છે. ભારતીય સંસ્કૃતિનો અતુલ્ય ભાગ છે. ીનાીપણાને ઉજાગર કરતી એન્ટીટી છે. સાડી ીને સંપૂર્ણ બનાવે છે માટે કોઈ પણ ીને સાડી આકર્ષક લાગશે.પણ હવે જમાનો બદલાયો છે. દરેક વસ્તુનું ક્લેવર બદલાયું છે. નવી નવી શોધો થાય છે. લોકો પાસે કરવા માટે ઘણી બધી પ્રવૃત્તિઓ છે. સમય ઓછો છે. બધું ફટાફટ જોઈએ છે. શૉ-બિઝનેસનો જમાનો છે. સેલ્ફીઓ તરત અપલોડ કરવાની હોય છે. ઈન્સ્ટા સ્ટોરી હવે મેઇનસ્ટ્રીમ છે. ઈન્ટરનેશનલ મહોત્સવોમાં ભારતીય સેલીબ લોકો હાજરી આપતા હોય છે. આ બધી જગ્યાએ સાડી જોવા મળતી હોય છે. કાશ્મીરથી લઈને ક્ધયાકુમારી સુધી જ સાડી સીમિત નથી રહી. સાડી રશિયા પહોંચી છે, આંદામાન નિકોબારથી થાઈલેન્ડ પહોંચી છે. યુરોપ અને દક્ષિણ અમેરિકામાં પણ સાડી પહોંચી છે. સાડી કોઈ પણ દેશનીીને ગમી જાય એવું પરિધાન છે. પણ બધાને પહેરતા આવડે ખરું? કોઈ શૉમાં કે કોઈ ઈવેન્ટમાં સાડી પહેરવાની હોય ત્યારે શું? એક કરતાં વધુ ડ્રેસ બદલવાના હોય ત્યારે સાડી પહેરતા – બદલાવતા કેટલો બધો સમય જાય. ટ્રેડિશનલ સાડી જે આપણાં શહેરોની બજારમાં વેચાય છે એ સાડી તો ખૂબ સમય માગી લે. માટે જ હવે વન મિનિટ સાડીનો ટ્રેન્ડ આવ્યો છે. રેડીમેઇડ સાડી – જે એક મિનિટની અંદર પહેરી લેવાની. આવી સાડીઓના સ્ટાર્ટ અપ પણ શરૂ થયા છે.મીનાક્ષી યેન્દુરું વન મિનિટ સાડીના નવા માર્કેટમાં જવલંત ઉદાહરણ છે. તેઓ આંધ્રપ્રદેશમાં રહેતાં. ત્યાંથી એરિઝોના, અમેરિકા ગયાં. ત્યાં તેમણે જોયું કે ભારતીય ીઓને પાટલી વાળવાની તકલીફ પડે છે. ભારતીય ીઓ એટલે કે એનઆરઆઈીઓ આમ પણ સાડી ઓછી પહેરતી હોય છે. સાડી પહેરવાની પ્રેક્ટિસ મુકાઈ ગઈ હોય. જ્યારે સાડી પહેરવાની થાય ત્યારે પાટલી ખોસવાની માથાકૂટ મોટી હોય છે. બર્થડે પાર્ટી, લગ્ન સમારંભ, દાંડિયા રાસ કે સીમંત જેવા પ્રસંગોએ ત્યાંનીીઓ સાડી પહેરતી હોય છે. મૂળ ભારતીય ીઓની વિદેશી બહેનપણીઓ પણ મૂડ આવે તો સાડી પહેરવાનો આગ્રહ રાખતી હોય છે. તો આવીીઓ માટે રેડીમેઇડ સાડીઓનો બિઝનેસ ચાલુ કર્યો. આમ પણ મીનાક્ષીને કાપડ, પેટર્ન, કાપડનો પ્રકાર અને સિલાઈનું જ્ઞાન હતું. તો તેમણે પ્રી-સ્ટિચડ સાડીઓ બનાવવાની શરૂઆત કરી દીધી. સિલાઈ માટે જરૂરી માર્ગદર્શન ભારતના અમુક દરજીઓ પાસેથી લીધું. તેણે જોર્જેટ, શિફોન અને સાટીન સાડીઓની સિલાઈ ચાલુ કરી. જો કે તેમણે જ કહ્યું કે કલમકારી જેવી સાડીઓથી હું દૂર રહી છું. તેમણે બિઝનેસ ચાલુ કર્યો એવા તરત એમને ઓર્ડરો મળવા માંડ્યા. લોંચિંગ પહેલા જ એકસો જેટલી સાડીઓની સિલાઈ કરીને આપવાની હતી.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા.૫ ડિસેમ્બર ૨૦૨૫**

# ભ્રષ્ટાચાર વિરુદ્ધ ચેતના જગાડવાની જરૂર

કોઈપણ દશની રાજનીતિ નાણાં વગર ન ચાલી શકે. એ વાત અલગ છે કે કેટલાક દેશોમાં આ ધન સરકારી ખજાનાથી રાજકીય પક્ષોને આપવામાં આવે છે અને કટલાકમાં રાજકીય પક્ષ લોકો પાસે ફંડ રૂપે એકત્ર કરે છે. લોકતાંત્રિક દેશોમાં રાજકીય પક્ષો પોતાની ગતિવિધિઓ ચલાવવા માટે ધન જોઇતું હોય છે, આ રીતે અને અહીંથી જ પક્ષપાત અને ભ્રષ્ટાચારના આરોપોનો સિલસિલો ચાલુ થાયછે. આ પ્રકારના આરોપોનો સામનો નાના-મોટા તમામ પક્ષોએ કરવો પડે છે. સત્તાધારી પક્ષોએ કંઈક વધારે જ કરવો પડે છે. તેને જોતાં જ મોદી સરકાર ચૂંટણી બોન્ડની યોજના લાવી હતી જેથી રાજકારણમાં કાળા ધનનો પ્રવેશ અટકે. આ યોજનામાં એ જોગવાઈ હતી કે દાનદાતાઓનું નામ તો જાહેર નહીં થાય, પંરતુ તેમના દ્વારા આપવામાં આવેલું ધન કાળું નાણું નહીં હોય, કારણ કે તે સ્ટેટ બેંકથી જારી થનારા ચૂંટણી બોન્ડો દ્વારા રાજકીય પક્ષોને મળશે. ગત દિવસોમાં ઉચ્ચતમ ન્યાયાલયે ચૂંટણી બોન્ડવાળા કાયદાને ગેરબંધારણીય જાહેર કરી દીધો અને સાથે જ સ્ટટ બેંકને તમામ વિગતો ચૂંટણી પંચને સોંપવાનું કહ્યું. ચૂંટણી પંચ જેવું જ આ વિવરણ જાહેર કર્યું, રાજકીય પક્ષોમાં આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થઈ ગયો. જોકે ભાજપ કેન્દ્ર સાથ કેટલાય રાજ્યોમાં સત્તામાં છે, તેથી તને ચૂંટણી બોન્ડો દ્વારા વધુ ફંડ મળ્યું. તૃણમૂલ કોંગ્રેસ અને ડીએમકેને પણ સારું એવું ધન મળ્યું, ખાસ કરીને લોકસભામાં તેમના સાંસદોન સંખ્યાને જોતાં. તેમ છતાં પણ ભાજપ વિપક્ષી દળોના નિશાના પર છે.

વિપક્ષી દળોનો આરોપ છે કે ભાજપ કંપનીઓને કોન્ટ્રાક્ટ આપ્યા અને તેના બદલ તેણે ફંડ લીધું. કેટલીય કંપનીઓએ જ્યારે ભાજપને ફંડ આપ્યું, ત્યારે કે તેની આગળ-પાછળ તેને કોન્ટ્રાક્ટ મળ્યા તેથી વિપક્ષી દળોના આરોપ સાચા હોવાની શંકા બેવડાઈ. શંકા બવડાવાનું એક કારણ એ પણ છ કે જ કંપનીઓ વિરુદ્ધ સીબીઆઇ, ઇડી કે આવકવેરા વિભાગની તપાસ ચાલુ હતી, તેમણ પણ ભાજપને ફંડ આપ્યું. એમ તો એવી કેટલીક કંપનીઓએ અનેય પક્ષોનપ ણ ફંડ આપેલું છે, પરંતુ આ પક્ષોના નિશાના પર ભાજપ જ છે. જેવા આરોપ ભાજપ પર લાગી રહ્યા છે, તેનાથી ગંભીર આમ આદમી પાર્ટી પર લાગી રહ્યા છે. તેના પર ચૂંટણી બોન્ડ દ્વારા નહીં, પરંતુ લાંચ રૂપ શરાબ બનાવતી કંપનીઓ પાસથી કરોડો રૂપિયા લેવાના આરોપ છે. ઇડીનું માનીએ તો નવી શરાબ નીતિ બનાવીને શરાબ કંપનીઓ પાસેથી સેંકડો કરોડ રૂપિયા લેવામાં આવ્યા અને એનાથી જ ગોવા, પંજાબ વગેરે રાજ્યોમાં ચૂંટણી લડવામાં આવી. ઇડીના આરોપ ગંભીર તો છે, પરંતુ તેની સત્યતાની પુષ્ટિ ન્યાયપાલિકા જ કરી શકશ.

એક મુશ્કેલી જ છે કે જે અરવિંદ કેજરીવાલની રાજકીય સફર ભ્રષ્ટાચાર વિરોધી અન્ના આંદોલનથી શરૂ થઈ હતી, તે આજે ભ્રષ્ટાચારના ગંભીર આરોપોમાં ઘેરાયા છ. તે રાજનીતિ બદલવા આવ્યા હતા, પરંતુ લાગે છે કે રાજનીતિએ તેમને જ બદલી નાખ્યા છે. અરવિંદ કેજરીવાલની ધરપકડ પર જર્મની, અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રએ પણ પોતાની પ્રતિક્રિયા આપી. તે એટલા માટે હેરાન કરે છે, કારણ કે દેશમાં આના પહેલાં પણ કેટલાય નેતાઓની ધરપકડ થઈ છે. હાલમાં જ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ધરપકડ થઈ છે, પરંતુ કોઈ દેશના પ્રતિનિધિએ કોઈ સવાલ ન કર્યો. આખરે માત્ર કેજરીવાલ મામલે જ અમેરિકા, જર્મની વગેરે કેમ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે? એ ઠીક નથી કે અમેરિકા અને જર્મનીના પ્રતિનિધિઓએ કેજરીવાલની ધરપકડ પર ત્યારે પ્રતિક્રિયા આપી, જ્યારે તેને લઈને તેમને સવાલ પૂછવામાં આવ્યા, પરંતુ તેના માટે એ સવાલોના જવાબ આપવાનું જરૂરી ન હતું. તેઓ એ સવાલોને આસાનીથી ટાળી શકતા હતા, કારણ કે પરંપરા એવી જ છે કે અન્ય દેશ કોઈ બીજા દેશના આંતરીક બાબતોમાં દખલ નથી

# કૂતરાઓના વસતિ નિયંત્રણ માટે કરોડોની ફાળવણી સામે કૂતરાસમાજમાં આક્રોશ

'એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ કૂતરા સમાજની વસતિ નિયંત્રણમાં રહે તે માટેના તમામ પ્રયાસો થશે. જે કૂતરાદંપતી નિયમ તોડશે તેને દંડ થશે.'

જંગલમાં કૂતરાઓની વધતી વસતિ ઘણાંની આંખે ચડી હતી. ગલુડિયાને આમથી તેમ આંટા મારતા જોઈને કૂતરા સમાજના વિરોધીઓ વિચારતા કે કાલે સવારે આ બધા મોટા થઈને જંગલની ચૂંટણીઓમાં મહત્વનો ભાગ ભજવવા માંડશે અને આમને આમ ચાલ્યું તો તો કૂતરાઓ જ ભવિષ્યમાં જંગલમાં માન-મરતબો ભોગવશે. શક્ય છે કે એકાદ કૂતરો જ જંગલનો રાજા થઈ જાય. આવા વિચારે તો કૂતરા સમાજના વિરોધીઓને પરસેવો વળી જતો.

કૂતરાઓના વિરોધીઓએ ભેગા મળીને કૂતરાઓને કટ ટુ સાઈઝ કરવાનો કારસો ઘડી કાઢ્યો. એમાં મદદે આવ્યા કૂતરા સમાજના હળાહળ વિરોધી સરકારી અધિકારી બબ્બનભાઈ બિલાડા. કૂતરાઓ કાબુમાં હોય તો જ જતે દહાડે બિલાડા સમાજની વેલ્યૂ રહે એ વાત બરાબર સમજતા સરકારી અધિકારી બબ્બન બિલાડાએ સરકારી પરિપત્ર જારી કર્યો :

એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ કૂતરા સમાજની વસતિ નિયંત્રણમાં રહે તે માટેના તમામ પ્રયાસો થશે. કૂતરા સમાજે વસતિ નિયંત્રણના નિયમોનું પાલન કરવું પડશે. જે કૂતરાદંપતી નિયમ તોડશે તેને દંડ થશે. નિયમો તોડનારની સરકારી સહાયો બંધ થશે. કૂતરા સમાજના અમુક માથાભારે તત્વો નિર્દોષ જંગલવાસીઓ ઉપર હુમલો કરી રહ્યા છે. ડોગબાઈટથી હજારો નિર્દોષ જંગલવાસીઓના મોત થાય છે તે ચલાવી લેવાશે નહીં. આ પ્રોગ્રામ માટે કરોડોનું ફંડ સરકારે મંજૂર કર્યું છે.'

પરિપત્ર જોઈને કૂતરાસમાજના નેતાઓ સક્રિય થયા. ગલુડિયાના જન્મ જેવી કુદરતી પ્રક્રિયામાં આવો વટહુકમ બહાર પડે તે કૂતરા સમાજને માન્ય નહોતું. ધારાસભ્ય વાંદરાભાઈ વટપાડુના રાજકીય સલાહકાર અને કૂતરા સમાજના પ્રમુખ હોવાના કારણે કૂતરાભાઈ કડકાએ સમાજના આ મુદ્દે આખો વ્યૂહ ઘડી કાઢ્યો.

'વાંદરાભાઈ આપ અમારી રેલીમાં હાજર રહો એવી આખા સમાજની ખૂબ ઈચ્છા છે.' કૂતરાભાઈ કડકાએ વાંદરાભાઈ વટપાડુને વિનંતી કરી. આખો કૂતરા સમાજ વાંદરાભાઈની વોટબેંક ગણાતો આવ્યો છે. કૂતરા સમાજને પ્રભાવિત કરવાની આ તક વાંદરાભાઈ

હું કૂતરા સમાજને મારું ખુલ્લુ સમર્થન આપીશ.' વાંદરાભાઈ વટપાડુએ સભામાં હાજર રહેવાની ખાતરી આપી.

નક્કી કરેલા દિવસે જંગલની શેરીઓમાં કૂતરાઓની મોટી રેલી યોજાઈ. સૌથી આગળ કૂતરાભાઈ કડકા ચાલી રહ્યા હતા. તેની પાછળ સૂત્રોચ્ચાર કરી રહેલાં કૂતરાઓએ બેનરો બતાવતા હતા, જેમાં લખ્યું હતું : 'અનલિમિટેડ સંતતિ એ અમારો જન્મસિદ્ધ અધિકાર', 'વસતિ વિસ્તાર વિના નહીં ઉદ્ધાર...'કૂતરા સમાજની રેલીમાં 'માદા વિભાગ'ના બેનર હેઠળ મોટી સંખ્યામાં કૂતરીઓ પણ જોડાઈ હતી. આખા કૂતરા સમાજે શક્તિ પ્રદર્શન કરીને સરકાર ઉપર દબાણ વધાર્યું હતું. એક મોટા મેદાનમાં બધા કૂતરાઓ પહોંચ્યા. કૂતરાભાઈ કડકાએ મંચ ઉપર જગ્યા લીધી. વાંદરાભાઈ વટપાડુ સભાસ્થળની નજીક પહોંચી ચૂક્યા હતા, પરંતુ ત્યાં એક વૃક્ષની ડાળીએ લટકીને શ્રોતાઓને રાહ જોવડાવતા હતા. નેતાએ થોડુંક મોડું પહોંચવું જોઈએ એવું માનતા વાંદરાભાઈ વટપાડુએ થોડીક વાર રાહ જોવડાવ્યા પછી સભામાં એન્ટ્રી મારી તે સાથે ભાષણો શરૂ થયા. કૂતરાભાઈ કડકાએ ભાષણ આપ્યું : 'સૌના લોકલાડિલા નેતા વાંદરાભાઈ વટપાડુનો આપણને સૌને ટેકો મળ્યો છે તે આપણાં બધાનું સૌભાગ્ય છે.

## દિલ્હીના મતદારો પણ હજી કેજરીવાલને ભૂ?લ્યા નથી એમ લાગે છે

# દિલ્હીની વાત : દિલ્હીમાં કેજરીવાલની વાપસી થવાના એંધાણ

દિલ્હી નગર નીગમ (એમ.સી.ડી)ની ૧૨ બેઠકો પર થયેલી પેટા ચૂંટણીમાં ભાજપે આમ તો ઠીક ઠીક દેખાવ કર્યો છે. પક્ષે ૧૨માંથી ૭ બેઠકો જીતી છે. જો કે પહેલા કરતા ૨ બેઠકો ભાજપને ઓછી મળી છે. આમઆદમી પાર્ટીને ૩ બેઠકો, કોંગ્રેસને ૧ તેમજ અપક્ષને ૧ બેઠક મળી છે. કેન્દ્ર અને રાજ્યમાં સત્તા પર હોવા છતાં ભાજપ તમામ ૯ બેઠકો જાળવી શક્યું નથી એનું દુઃખ ભાજપને છે. બીજી તરફ આમઆદમી પાર્ટીનો દેખાવ ખરાબ રહ્યો નથી. કોંગ્રેસ તો એક બેઠક મળવાથી રાજી થઈ ગઈ છે. આપના નેતા અરવિંદ કેજરીવાલ આજકાલ પંજાબ રહે છે. પંજાબની પેટાચૂંટણીઓમાં આપનો દેખાવ સારો રહ્યો છે. દિલ્હીના મતદારો પણ હજી કેજરીવાલને ભૂ?લ્યા નથી એમ લાગે છે. આ પરિણામોથી અરવિંદ કેજરીવાલ ફરીથી આપને મજબૂત બનાવવા પર ધ્યાન આપે એવી શક્યતા છે.

છેલ્લા કેટલાક સમયથી કર્ણાટક કોંગ્રેસમાં ચાલી રહેલા ધમાસાણનો અંત આવ્યો છે. ઘીના ઠામમાં ઘી પડી રહ્યુ છે. ડી.કે શિવકુમારના ઘરે બ્રેકફાસ્ટ મિટિંગ પછી બન્ને નેતાઓ એક થઈ ગયા છે. ડી.કે શિવકુમાર પોતે શુધ્ધ શાકાહારી છે, જ્યારે સિધ્ધારમૈયા બિનશાકાહારી ભોજન પસંદ કરે છે. મુખ્યમંત્રી જ્યારે શિવકુમારના રહેઠાણે પહોચ્યા હતા ત્યારે શિવકુમાર અને તેમના ભાઈ ડી.કે સુરેશે તેમનું સ્વાગત કર્યું હતું. સિધ્ધારમૈયા માટેની બિનશાકાહારી વાનગી શિવકુમારના પત્ની ઉષાએ મૈસુર સ્ટાઈલમાં બનાવી હતી. સ્થળ પર હાજર એક મહિલા પત્રકાર સાથે સિધ્ધારમૈયાએ હળવી વાતચીત પણ કરી હતી. મહિલા પત્રકાર સંપુર્ણ શાકાહારી હોવાથી સિધ્ધારમૈયાએ ટકોર કરી હતી કે તમે ઘણું બધુ ગુમાવી રહ્યા છો. જે રીતે સિધ્ધારમૈયા અને ડી.કે શિવકુમાર સાથે સમાધાન થયું છે એ જોતા ભાજપ હવે કર્ણાટકમાં સત્તા પરિવર્તન કરી શકે એમ નથી.

થોડા મહિના પહેલા રાષ્ટ્રિય સ્વંયસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે એવી વાત કહી હતી કે હવે રામ મંદિર બની ગયા પછી બીજા કોઈ મંદિર-મસ્જીદનો વિવાદ થવો જોઈએ નહીં. જો કે સંઘપ્રમુખ હવે કદાચ એમને કહેલી વાત ભૂલી ગયા લાગે છે. એક કાર્યક્રમમાં એમણે કહ્યું હતું કે હવે આપણે એક શાનદાર, શક્તિશાળી અને સુંદર રાષ્ટ્રિયમંદિર બનાવવાનું છે. આ કાર્યક્રમમાં જગદગુરુ શંકરાચાર્ય વિજયેન્દ્ર સરસ્વતિ સ્વામી, આદિત્ય પ્રતિસ્થાનના પ્રમુખ શંકર અભ્યંકર અને અપર્ણા અભ્યંકર પણ હતા. ડો. ભાગવતના કહેવા પ્રમાણે સંઘમાં કોઈ અભિમાન કે જવાબદારીની ભાવના હોતી નથી કારણ કે સંઘ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવથી કામ કરે છે. ભાગવતે એમ પણ કહ્યું હતું કે જો સમાજ મજબૂત હશે તો દેશ પણ મજબૂત બનશે. સમિક્ષકો જો કે કહી રહ્યા છે કે મોહન ભાગવત હંમેશા વાત તો એકતાની કરે છે પરંતુ એમના શિષ્યો કંઈક અલગ જ માને છે.

૨૦૨૦ના દિલ્હી હુલ્લડના આરોપી સર્જીલ ઈમામે સુપ્રિમ કોર્ટમાં પોતાનો પક્ષ રજુ કર્યો છે. ઈમામે નારાજગી બતાવી છે કે કોઈપણ સુનાવણી વગર કે ગુનો સાબિત થયા વગર એને જોખમી બૈધ્ધિક આતંકવાદી જાહેર કરી દેવામાં આવ્યો છે. ઈમામ વતી હાજર થયેલા સીનીયર વકીલ સિધ્ધાર્થ દવેએ કહ્યું હતું કે મારું કહેવું છે કે હું આતંકવાદી નથી પરંતુ પોલીસે આવું કહી રહી છે.

હું રાષ્ટ્ર વિરોધી નથી પરંતું રાજ્યએ આવું મને કહ્યું છે. હું આ દેશનો નાગરીક છું. હું જન્મથી જ આ દેશનો નાગરીક છું. એમણે જસ્ટિસ અરવિંદકુમાર અને જસ્ટીસ એમ.વી અંજારીયાની બેન્ચ સમક્ષ દલીલ કરી હતી. સર્જીલની ધરપકડ ૨૦૨૦ની ૨૮મી ફેબ્રુઆરીએ કરવામાં આવી હતી. સર્જીલ સિવાય બીજા ૭ આરોપીઓને પણ હજી સુધી જામિન મળ્યા નથી. એક પ્રવચનમાં સર્જીલે ભારતના પૂર્વ ભાગને ભારતથી અલગ કરવા આહવાન કર્યું હતું.

બિન હિન્દીભાષી રાજ્યોના ભાજપનું પ્રતિનિધિત્વ કરતાં સાંસદો જ્યારે દિલ્હી આવે છે ત્યારે ભાજપ હાઈકમાન્ડને ખુશ કરવા અલગ રાગ આલાપે છે.

**હું રાષ્ટ્ર વિરોધી નથી પરંતું રાજ્યએ આવું મને કહ્યું છે. હું આ દેશનો નાગરીક છું. હું જન્મથી જ આ દેશનો નાગરીક છું. એમણે જસ્ટિસ અરવિંદકુમાર અને જસ્ટીસ એમ.વી અંજારીયાની બેન્ચ સમક્ષ દલીલ કરી હતી.**

કેન્દ્રીય સુચના અને પ્રસારણ તેમજ સંસદીય બાબતોના રાજ્યમંત્રી એલ.મુરુગન પણ આમાના એક છે. એમણે કહ્યું હતું કે તામિલનાડુમાં રાજકારણને લીધે તેઓ હિન્દી શીખી શક્યા નથી. એમણે જે હિન્દી શીખ્યું છે એ દિલ્હી આવ્યા પછી શીખ્યું હતું. એમણે એમ પણ કહ્યું હતું કે હિન્દી શીખવી એમનો અધીકાર છે. ભાજપની નેતાગીરીને વ્હાલા થવા માટે એમણે કહ્યુ હતું કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી શિક્ષણનીતિ લાગુ કરી છે. જો કે અમારે ત્યા તામિલનાડુમાં કટ્ટર રાજકારણને કારણે હું હિન્દી શીખી શક્યો નથી.' આ સાંભળીને ભાજપના જ કેટલા કાર્યકરો ગુસપુસ કરતાં હતાં કે મુરુગન પરત તામિલનાડુ જશે ત્યારે તામિલનાડુમાં પણ આવી રીતે જ હિન્દીના વખાણ કરશે ખરા?

સુપ્રિમ કોર્ટમાં થયેલી એક અરજી સંદર્ભે એવું કહેવામાં આવ્યું હતું કે મતદાર યાદી સુધારણા માટે એસઆઈઆરનું અભિયાન ચાલે છે એને માટે ચૂંટણી કમિશન ઝડપથી થતા શહેરીકરણ અને સતત પ્રવાસ જેવા કારણો આપે છે. જો કે આ કારણો ટકી શકે એવા નથી. ચૂંટણી કમિશનને આવો અધિકાર આપી શકાય નહી. આ દલીલ જાણિતા વકીલ પ્રશાંત ભુષણે કરી હતી. એમણે પોતાની દલીલમાં ઈલેક્શન કમિશનરને નિરંકુશ કહ્યા હતા.

સુપ્રિમ કોર્ટે આ બાબતે કડક વાંધો લીધો હતો. સીજેઆઈ સુર્યકાંત અને જસ્ટીસ જોય માલ્યા બાગચીની બેન્ચ સમક્ષ બીજા એક સીનીયર વકીલ અભિષેક સિંઘવીએ પણ દલીલ કરી હતી. સિંઘવીએ દલીલ કરી હતી કે દેશમાં શહેરીકરણ તો ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે. કોઈક ક્ષેત્ર ગ્રામિણ વિસ્તારમાંથી શહેર ક્યારે બની જાય છે એની ખબર પડતી નથી. એ આધારે એસઆઈઆરની પરવાનગી આપી શકાય નહીં. આ બાબતે સીજેઆઈએ કહ્યું હતું કે વિષય બહારની દલીલો નહીં કરો અને તમારી દલીલો સિમિત રાખો. બિહારની જીત પછી ભાજપના ટોચના નેતાઓ પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે તેયારી કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના સાંસદોને સામેથી મળવા બોલાવે છે.


મિટિંગમાં મોદીએ સાંસદોને સલાહ આપી છે કે બંગાળ જઈને ત્યાની કાયદો વ્યવસ્થાની સ્થિતિ બાબતે લોકોને જાગૃત કરે. ફક્ત આ બાબત પર જ વધુ જોર આપે. સાંસદોને એમણએ કહ્યું હતું કે ભાજપના નેતાઓ અને કાર્યકરો પર થતા હુમલાઓ વિશે લોકોને જણાવે.

## કેરિયરના આગામી ચરણને લઇને દુવિધા છે તો નવુ વલણ જરૂરી...

# ભાવિ યોજના શાંત દિમાગથી બનાવો

## નવા વિચારો, અનુભવ અને દ્રષ્ટિકોણની સાથે પોતાની વિચારધારાને એક નવી ઉર્જા આપવાની જરૂર

રોકાણને લઈને ખાસ ધ્યાન આપોશુ તમે પોતાની નોકરી છોડવાની યોજના બનાવી રહ્યા છો, પરંતુ આપની પાસે આગામી પગલાને લઈને કોઈ માહિતી દેખાઇ રહી નથી. અથવા તો તમે એક નવા ફ્રેશર તરીકે હોઇ શકો છો. જેને માહિતી નથી કે ક્યાંથી શરૂઆત કરવાની જરૂર છે. સૌથી મોટી સમસ્યા આપના દિમાગની સ્થિતીની રહેલી છે. જેની પાસે કોઇ પેશન નથી. સાથે સાથે કેરયરને લઇને કોઇ લાંબા ગાળાની યોજના નથી. જો આવી સ્થિતી છે તો વર્તમાન સ્થિતીથી નવી દિશા ક્યારેય મળી શકે તેમ નથી. આપને સફળ રીતે આગળ વધવા માટે નવા વિચાર, અનુભવ, અને દ્રષ્ટિકોણની સાથે પોતાની વિચારધારાને ઉર્જા આપવાની જરૂર દેખાઇ રહી છે. કેટલાક નિષ્ણાંતો સાફ શબ્દોમાં કહે છે કે શાનદાર કેરિયર શોધી કાઢવા માટે સૌથી પહેલા તો એક સમયમર્ચાદાની બાબતને ધ્યાનમાંથી કાઢી નાંખવી જોઇએ. જો તમે તમારા જીવનના આગામી ૨૦ વર્ષની મેપિંગ કરવાની યોજના કરી રહ્યા છો તો તેના જવાબ તરત મળી શકશે નહીં. જ્યારે તમે સમયમર્યાદા દુર કરી નાંખો છો ત્યારે તમારા દિમાગ શાંત થઇ જાય છે. આના કારણે કેરિયર માટે સારા રસ્તા પણ મળે છે. જો તમને આવકની જરૂર છે તો અથવા તો ચિંતાથી દુર રહેવા માટે ઇચ્છુક છો તો તમે કોઇ પ્રોડક્ટસ સાથે જોડાઇ શકો છો. અથવા તો કોઇ અસ્થાયી નોકરી કરી શકો છો. જીવનને સરળ બનાવવા માટે આપ કામમાંથી થોડાક સમય માટે બ્રેક પણ લઇ શકો છો. ભાવિ યોજના શાંત દિમાગ સાથે તૈયાર થાય છે. પોતાના પર મુખ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. મર્યાદા પર ફોક્સ કરવાના પ્રયાસ કયારેય કરવા જોઇએ નહીં. જેમ કે તેની પાસે પૈસા નથી, શિક્ષણ નથી, સંબંધ નથી, અથવા તો અંગત સમસ્યા રસ્તા આડે આવી રહી છે. આ તમામ અસ્થાયી ચીજો છે. જો પોતાને વર્તમાનના પડકારની સાથે જોડીને નિહાળશો તો મોટા ચિત્ર પર ક્યારેય ધ્યાન આપી શકાશે નહીં. ભણવામાં, નવા લોકોમાં અને નવા પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ખાસ જરૂર હોય છે. એવા તમામ ઉત્તેજક વિકલ્પો પર વિચારણા કરી શકો છો જેને પહેલા પડકાર તરીકે સ્વીકારી લેવામાં આવ્યા હતા. ભ્રમણના કાર્યક્રમ તૈયાર કરી શકાય છે. વેપાર શરૂ કરી શકો છો. સ્ટાર્ટ અપમાં ઇન્ટર્નશીપ કરી શકો છો. મોટા ભાગના કેરિયર લાયકાત પર આધારિત રહે છે. એક સોફ્ટવેર આર્કિટેક્ટ સારી રીતે જાણે છે કે કોડિંગ શુ છે. તે એડવાન્સ`ક્નોલોજીના ટોપ પર રહે છે. આવી જ રીતે એક કારોબારી સફળતા હાંસલ કરવા માટે અલગ અલગ સ્કીલ્સની પસંદગી કરે છે. જો તમે કોઇ એક લક્ષ્યની પસંદગી કરી લો છો તો તે દિશામાં તમામ રીતે આગળ વધવાની જરૂર હોય છે. એક વખતે રસ્તાની પસંદગી કરી લેવામાં આવ્યા બાદ પોતાનુ ધ્યાન તેના પર કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. એક વખતમાં એક સ્કીલ પર માસ્ટરી હાંસલ કરવાના પ્રયાસ કરવામાં આવે તો ફાયદો થાય છે. પોતાની નવી ઓળખ ઉભી કરવાની જરૂર છે.



એવુ નક્કી કરવામાં આવે તે જરૂરી છે કે આપના જીવનના અન્ય ક્ષેત્ર સંતુલિત રહે છે કે કેમ. પ્રયાસ એવા કરવાની જરૂર હોય છે કે આપની પાસે એક વ્યક્તિના રૂપમાં અનેક ઓળખ રહે. તમે મિત્ર હોઇ શકો છો. સમાજમાં યોગદાન આપનાર હોઇ શકો છો. પોતાના વર્તમાન પડકારોને પહોંચી વળવા માટે જીવનના અન્ય ક્ષેત્રોમાં સંતુલન બનાવવા માટેની જરૂર છે.ય મિત્રો, પરિવાર અને સાથી કર્મચારીઓને મદદ કરવા માટે આગળ આવવાની જરૂર હોય છે. આના કારણે જીવનમાં એક નવો વિશ્વાસ જાગે છે. આના કારણે આપનો નવા સંપર્ક અને નવા અવસર મળે છે. જ તમે પહેલા પણ નોકરી શકી ચુક્યા છો તો તમને માહિતી હશે કે નોકરીના કન્ટેન્ટ કેટલીક વખત જોબ ટાઇટલથી અલગ હોય છે. જેથી નવા કેરિયર વિકલ્પો પર જે રીતે વિચારણા કરો છો તે રીતે પરિણામ મળતા નથી. સેલ્સના મામલે પણ અનુભવ કેટલીક રીતે અલગ હોય છે. ભાવિ યોજના તૈયાર કરતી વેળા કેટલીક બાબતોને ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે. જે પૈકી પ્રથમ બાબત દિમાગને શાંત રાખવાની જરૂર હોય છે. સાથે સાથે બીજી બાબત યોગ્ય રીતે કામ કરવાની જરૂર હોય છે.

## જૂની નોટ સ્વીકારવા અને નવી આપવાની વ્યવસ્થા કરે ત્યાં સુધી ઘરવાળાના ખાવા-પીવાની જરૂરિયાતનું શું?

# રૂપિયાનો રૂઆબ ભારતમાં આજેય છે બાર્ટર સિસ્ટમનું ચલણ

**શરૂઆત હિમાલયથી કરીએ. આ ટાઢાબોળ પર્વત દેવની કંદરામાં આવેલાં ઘણાં નાનાં, સાવ ટચૂકડા, ગામોમાં આખું વર્ષ બરફ છવાયેલો રહે છે.**

અહીં જરાય 'ના બાપ બડા ન મૈયા, ધ હોલ થીંગ ઈઝ ધેટ કે ભૈયા સબ સે બડા રૂપૈયા' કામનું નથી. અહીં પૈસો બોલતો નથી, એની બોબડી સાવ બંધ છે. અહીં નથી કેશ ચાલતી કે નથી ક્રેડિટ દોડતી. ભારતમાં થોડાં સ્થળ, ગામ જે કે જયાં નથી પૈસાનો પાવર કે નથી રૂપિયાનો રૂઆબ. તો બધુ ચાલે છે કેમ?

શરૂઆત હિમાલયથી કરીએ. આ ટાઢાબોળ પર્વત દેવની કંદરામાં આવેલાં ઘણાં નાનાં, સાવ ટચૂકડા, ગામોમાં આખું વર્ષ બરફ છવાયેલો રહે છે. અહીં સ્થાનિક રહેવાસીઓ ચોક્કસ રિવાજો અને પરંપરા નિભાવવામાં માને છે. આશ્ર્ચર્યચક્તિ બાબત એ છે કે અહીં હજી પ્રાચીન 'બાર્ટર સિસ્ટમ' ચલણમાં છે. બાર્ટર સિસ્ટમ એટલે એકસચેન્જ ઑફ ગુડસ. ફોર ગુડસ સરળ ભાષામાં ચીજોને બદલે ચીજની આપ-લે. સોદામાં રોકડાને સ્થાન જ નહીં. તમે ઘઉં પકાવો છો તો ઘઉં આપીને જે જોઇતું હોય ત્યાં પહોંચીને એ વસ્તુ લઇ લો. માનવામાં નથી આવતું ને?હિમાચલ પ્રદેશની સ્પિતી ખીણમાં કિબ્બર (દ્વૈહ્લહ્વીિ) નામનું નાનકડું ગામ. પૃથ્વી પર સૌથી ઊંચાઇએ માનવ વસવાટનું સ્થળ. દરિયાની સપાટીથી ૪,૨૭૦ મીટરની ઊંચાઇએ આવેલા કિબ્બરમાં ૭૭ ઘર અને ૩૬૬ માનવનો વસવાટ, જેમાં ૧૮૭ પુરુષો, ૧૭૦ સ્ત્રી. આ આંકડા ૨૦૧૧ સેન્સસના છે.કિબ્બરની અન્ય વિશિષ્ટતા એના ઘર, મકાનો છે. ટ્રાન્સપોર્ટેશનની સમસ્યાને લીધે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીમાંથી ઘર બંધાય છે. આવું જ વેપાર-ધંધાનું છે. બહારથી કંઇ મગાવવું કે મોકલવું આસાન નથી. આમ છતાં કિબ્બરવાસીઓ સૌથી નજીકના સ્થળે પોતાના ઉત્પાદન લઇને પહોંચી જાય. સૌથી નજીકનું સ્થળ છે. લદાખનું લેહ. અહીં પહોંચવામાં ત્રણ દિવસ લાગે.

પોતાના ઘોડા, યાક સહિતનાં પ્રાણીઓ પર માલ લાદીને તેઓ લેહ પહોંચેપ અહીં પોતાના માલના બદલામાં જોઇતી ચીજ-વસ્તુ મેળવી લે. આ રોકડ હિન આદાન-પ્રદાન એટલે બાર્ટર સિસ્ટમ વરસોથી તેમનો જીવનનિર્વાહ ચલાવે છે.

કિબ્બર પાસે તો વિકલ્પ નથી પણ પુડીચેરી (હા. હા. પોંડીચેરી) ૧૫-૨૦ મિનિટમાં પહોંચી શકાય એવા ઓરોવિલે (Auroville) માં રોકડવિહિન અર્થતંત્ર છે. અહીં તો વિવિધ દેશના સંસ્કૃતિના અને માન્યતા ધરાવતા લોકો સાથે સંપથી રહે છે. આ સ્થળની અન્ય વિશિષ્ટતા એ છે કે અહીં બધાના પગાર સરખા છે. પછી એ કોઇ કલાકૃતિ બનાવે કે ધ્યાનમાં બેસી જાય. અહીં રોકડ લેવડ-દેવડ થતી જ નથી. બહુ જરૂર પડે તો કાર્ડ સ્વીકારવામાં આવે છે. ઓરોવિલે વિવિધ પ્રોજેક્ટમાં કેશલેસ રહેવાનો પડકાર સફળતાપૂર્વક ઝીલતું રહ્યું છે. અહીંના ફ્રી સ્ટોરમાં બધુ આસાનીથી ચાલે છે.

અલબત્ત, ઓરોવિલેની વ્યવસ્થા ઘણાને ગળે ઊતરતી નથી અને એની ટીકા કરનારાઓ પણ છે ખરા.કિબ્બર અને ઓરોવિલેથી એકદમ અલગ કેસ છે ખુલિયા ગામનો. પૂર્વ ઓરિસામાં આવેલા આ આંતરિયાળ ગામમાં નોટબંધીને પગલે બાર્ટર સિસ્ટમનું પુનરાગમન થયું હતું. રૂ. ૧૦૦૦ અને ૫૦૦ની નોટ અચાનક અસ્પૃશ્ય બની ગયા બાદ મુશ્કેલી ઊભી થઇ. સાપ્તાહિક બજારમાં જાતજાતની ઓફર થવા માંડી. અડધા કિલો મધના બદલામાં એક કિલો બટેટા, કોબી અને ટમેટા લઇ જાઓ. વાજબી ધંધો હતો આ. એ સમયે ત્યાં મધ રૂ. ૧૭૦માં કિલો મળતું હતું.

સત્તાધીશો જૂની નોટ સ્વીકારવા અને નવી આપવાની વ્યવસ્થા કરે ત્યાં સુધી ઘરવાળાના ખાવા-પીવાની જરૂરિયાતનું શું? આ લાચારીએ નવી શોધ કરાવી પણ સદીઓ જૂની કેશલેસ પ્રથા ભણી લઇ ગઇ. એ વખતે ચોખાનો મબલખ પાક થયો હતો. એટલે અદલાબદલીમાં એનો વધુને વધુ ઉપયોગ થયો. ચોખાને બદલે ટમેટાં, બટેટા, તેલ, મીઠું વગેરે. આ રીતે જ ચોખા પકવનારા અને વેચનારા પોતાના પરિવારની શાકભાજી, દૂધ, તેલ અને અન્ય જરૂરિયાત પૂરી કરી શકે એમ હતા.

ખુલિયા ઉપરાંત ઓરિસાના અયાતપુરમાં પણ આવું જ થયું હતું. અમુક બજારમાં તો સાડી અને લુંઘી આપીને બદલામાં ડિપોઝિટ પેટે સોનાના ઘરેણા રખાયા હતા. આ બધાથી કટોકટીના દિવસો સુખરૂપ પસાર થઇ ગયા.

બાર્ટર સિસ્ટમ અર્થાત્ રોકડવિહિન વેપાર વ્યવસ્થાનો આજે અમલ થાય તો કેવી-કેવી મુશ્કેલી ઊભી થાય? નેતાલોગ, સરકારી બાબુઓને ખુશ કેમ કરવા? અને ઇલેકટોરલ બોન્ડ, શેર કે ડિબેન્ચર્સનું શું કરવું? ઘણી રસપ્રદ કલ્પના થઇ શકે તો એક બદી પણ નાબૂદ થઇ શકે? કે પછી રોકડને બદલે લાંચરૂપે સોના, ચાંદી, હીરા, મોતી આવી જાય.



# કલ્કી ૨ : દીપિકા OUT, કલ્કીમાં આ ફેમસ અભિનેત્રીની એન્ટ્રી, પ્રભાસ સાથે મચાવશે ધૂમ!

પ્રભાસની સૌથી આતુરતાથી રાહ જોવાતી ફિલ્મમાં "કલ્કી ૨૮૯૮" ની સિક્વલનો સમાવેશ થાય છે. પહેલો ભાગ ૨૦૨૪ માં રિલીઝ થયો હતો અને તે વર્ષનો બ્લોકબસ્ટર બન્યો હતો, જેના કારણે ચર્ચા જાગી હતી. જોકે, દીપિકા પાદુકોણના પ્રોજેક્ટમાંથી બહાર નીકળવાના સમાચાર સામે આવતાં ફિલ્

પ્રભાસની છેલ્લી ફિલ્મ ૨૦૨૪માં રિલીઝ થઈ હતી, જ્યારે કલ્કી ૨૮૯૮ એડી પણ આ વર્ષે આવી અને બોક્સ ઓફિસ પર ૧૦૦૦ કરોડ રૂપિયા પાર કરીને સુપરહિટ સાબિત થઈ. આવતા વર્ષે પ્રભાસની ઘણી મોટી ફિલ્મો રિલીઝ થવાની છે, પરંતુ ફેન્સ જે સિક્વલની સૌથી વધુ રાહ જોઈ રહ્યાં છે તે છે કલ્કી ૨૮૯૮ એડી પાર્ટ ૨ છે. દીપિકા પાદુકોણે ફિલ્મનો ભાગ ૨ છોડી દીધો છે. કારણ ભલે જાહેર ન થયું હોય, પરંતુ આ નિર્ણય મેકર્સ માટે ચોક્કસ જ મોટો ઝટકો છે. હવે તેમના પાત્રને યોગ્ય રીતે નિભાવશે એવી નવી અભિનેત્રીની પસંદગી કરવી મેકર્સ માટે પડકાર બન્યો છે. હાલ એક લોકપ્રિય અભિનેત્રીનું નામ ચર્ચામાં છે, જેને દીપિકાના રોલ માટે ફાઈનલ કરવામાં આવી રહી હોવાનું કહેવાય છે.

**વારાણસી ફિલ્મની આ અભિનેત્રી ચર્ચામાં**

પ્રભાસને કલ્કી ૨ પર કામ શરૂ કરવામાં ઘણો સમય લાગશે, પરંતુ અત્યાર સુધી દીપિકા પાદુકોણના રોલ માટે જે અભિનેત્રીઓની ચર્ચા થઈ છે તેમાં આલિયા ભટ્ટ, સાઈ પલ્લવી અને અનુષ્કા શેટ્ટીનો છે. કારણ કે ત્રણેય ઘણા મોટા પ્રોજેક્ટ્સમાં સામેલ છે. જો પ્રભાસની અનુષ્કા શેટ્ટી સાથેની જોડી સારી હોય, તો ફેન્સ તેમને જોવા માટે ઉત્સુક છે. વારાણસી ફિલ્મની આ અભિનેત્રી ચર્ચામાં આવી ગઈ છે.

**કલકી ૨માં દીપિકાનું સ્થાન કોણ લેશે?**

એક રિપોર્ટ મુજબ, પ્રિયંકા ચોપરા દીપિકા પાદુકોણની બેસ્ટ રિપ્લેસમેન્ટ હશે. આ નિર્ણય ફિલ્મની આંતરરાષ્ટ્રીય અપીલને કારણે લેવામાં આવ્યો હતો. પ્રિયંકાની વૈશ્વિક હાજરી તેને સારી પસંદગી બનાવે છે. તે પહેલાથી જ મહેશ બાબુ અને રાજામૌલીની વારાણસીનો ભાગ છે, જેમાં તે ફિલ્મમાં મંદાકિનીની ભૂમિકા ભજવી રહી છે. પ્રિયંકા ચોપરા રાજામૌલીની ફિલ્મ લોન્ચની સ્ટાર હતી. જોકે, જો પ્રિયંકાને કલ્કી ૨ માં કાસ્ટ કરવામાં આવે છે, તો તે બેસ્ટ ઓપ્શન હશે.

આલિયા ભટ્ટ પણ દીપિકાના રોલ માટે મેકર્સ સાથે વાતચીત કરી રહી છે, અને તે પ્રિયંકા ચોપરાને સખત સ્પર્ધા આપી રહી હોય તેવું લાગે છે. અભિનેત્રી અગાઉ ઈઈઈનો ભાગ હતી. ફિલ્મના દિગ્દર્શક, નાગ અશ્વિન, એવી અભિનેત્રીની શોધમાં છે જે પ્રભાસના સ્ટાર પાવર સાથે મેળ ખાઈ શકે અને ફ્રેન્ચાઇઝીને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે. રાજામૌલીની ફિલ્મમાં પ્રિયંકાના ડેબ્યૂ પછી, તે કલ્કી ૨ માટે પણ ટોપની પસંદગી રહી છે. વારાણસી માટે કેટલી ફી લેવામાં આવી હતી?

રાજામૌલીની ફિલ્મમાં પ્રિયંકા ચોપરા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે, જેના માટે તેણે ?૩૦ કરોડ ફી લીધી છે. તે લાંબા સમય પછી ફિલ્મોમાં વારાણસી સાથે ભારતીય સિનેમામાં પણ વાપસી કરશે. કલ્કી ૨ અંગે શું નિર્ણય લેવામાં આવશે તે જોવાનું બાકી છે.

**આવતા વર્ષે પ્રભાસની ઘણી મોટી ફિલ્મો રિલીઝ થવાની છે, પરંતુ ફેન્સ જે સિક્વલની સૌથી વધુ રાહ જોઈ રહ્યાં છે તે છે કલ્કી ૨૮૯૮ એડી પાર્ટ ૨ છે**



# ભગવાન રામ પર આવી રહી છે સીરિયલ જન-જન મેં રામ, જાણો ક્યારે અને ક્યાં જોવી?

ભગવાન રામ પર અનેક સીરિયલ અને ફિલ્મો બનાવવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, રામાયણ પર પ્રમાણમાં કામ થયું છે. મોટા બજેટની ફિલ્મો રિલીઝ થઈ છે, અને વધુ આવવાની તૈયારીમાં છે. આ દરમિયાન, જન જન મે રામ નામની ટીવી શ્રેણી શરૂ થઈ છે.

રામાનંદ સાગરની રામાયણને ખૂબ જ લોકપ્રિયતા મળી, અને ત્યારથી, ભગવાન રામ પર અસંખ્ય સીરિયલો બનાવવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક ફિલ્મો અને વેબ સિરીઝનું નિર્માણ પણ થયું છે. રામાયણ પર આધારિત રણબીર કપૂર અભિનીત ફિલ્મ ૨૦૨૬ માં રિલીઝ થવાની છે, જેનું બજેટ ?૪,૦૦૦ કરોડ છે. દરમિયાન, ભગવાન રામની જંગલની ઐતિહાસિક યાત્રાને લોકો સુધી પહોંચાડવા માટે એક નવી સીરીઝ રજૂ કરવામાં આવી છે. આ ભવ્ય સીરીઝનું નામ જન જન મે રામ છે. તેનું ટ્રેલર પણ ખૂબ જ લોકપ્રિય થયું હતું. હવે, આ સીરિયલ પ્રસારિત થઈ રહી છે.

જન જન મેં રામ સીરિયલ માં, શ્રી રામની ભૂમિકા અભિનેતા અનિકેત રાય ભજવી રહ્યા છે. દેવાંગ સિંહ લક્ષ્મણની ભૂમિકા ભજવે છે, અને અનુષ્કા અવસ્થી સીતાની ભૂમિકા ભજવે છે. રામના માર્ગની શોધમાં સામેલ યુવા પાત્રોમાં ક્ષિતિજ, અપર્ણા અને અન્ય ટીમના સભ્યો મુખ્ય ભૂમિકા ભજવે છે. ચિત્રકૂટ અને અયોધ્યામાં શૂટિંગ થયું હતું. આ સીરિયલ પહેલાથી જ દૂરદર્શન પર પ્રસારિત થઈ ચૂકી છે, અને જન જન મેં રામ શનિવાર અને રવિવારે સવારે ૧૦ અને સાંજે ૪ વાગ્યે પ્રસારિત થશે.

જન જન મેં રામનું દિગ્દર્શન પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને પદ્મશ્રી ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદી દ્વારા કરવામાં આવ્યું છે. ડૉ. દ્વિવેદી ચાણક્ય, પિંજર, અને સમ્રાટ પૃથ્વીરાજ જેવી ફિલ્મોના પ્રખ્યાત દિગ્દર્શક છે. મંદિરા દ્વિવેદી આ સીરિયલના નિર્માતા અને સહ-દિગ્દર્શક છે. તુષાર ઉપ્રેતીએ સીરિયલ માટે લેખન અને સંશોધનનું કામ સંભાળ્યું છે. સંગીતકારો આલાપ દેસાઈ અને આમોદ ભટ્ટે સીરિયલને ભાવનાત્મક સંગીતથી સમૃદ્ધ બનાવી છે. ફેન્સ સીરિયલ માટે ઉત્સાહિત

પોસ્ટર અને ટ્રેલર રિલીઝ થતાં જ ફેન્સ પહેલાથી જ ઉત્સાહિત થઈ ગયા હતા. આ સીરિયલ ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને આદર્શ વ્યક્તિ ભગવાન રામના જીવન મૂલ્યો પર એક નવો દ્રષ્ટિકોણ રજૂ કરવાનું વચન આપે છે.

# મારી પત્નીને પ્રેમ કરું છુ એમ કહીને ગૌરવ ખન્ના થયો ઇમોશનલ...



બિગબોસ ૧૯ અત્યારે ફુલ લાઈમ લાઈટમાં છે. કારણ કે હવે થોડા સમયમાં ફિનાલે વીક જોવા મળશે. અશનૂર કૌર હાલ શોમાંથી બહાર થઇ ગઇ છે. જે બાદ શહેબાઝ પણ શોમાંથી આઉટ થઇ ગયો. ત્યારે હવે બિગબોસના ઘરમાં મીડિયા રાઉન્ડ શરૂ થઇ રહ્યો છે જેનો એક પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે. જેમાં ગૌરવ ખન્ના એટલે કે જીકે પેપ્સના સવાલ પર ઈમોશનલ થઇ રહ્યો છે.

મીડિયાએ બિગબોસના ઘરમાં રહેતા લોકોને તીખા સવાલ કર્યા. જેમાં ફરહાના, તાન્યા અને માલતીને પણ સવાલો કરવામાં આવ્યા. પરંતુ જ્યારે ગૌરવ ખન્નાને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેઓ ઈમોશનલ થઇ ગયા. કારણ કે આ સવાલ હતો કે તમારા પત્ની બાળક કરવા નથી ઈચ્છતી. બાબતને બિગબોસની ગેમમાં સિમ્પથી સામે મીડિયાએ જોડતા ગૌરવ ઈમોશનલ થઇ ગયો હતો. તેની આંખમાંથી આંસુ સરી રહ્યા હતા.

જો કે ગૌરવે શોમાં વારંવાર કહ્યું છે કે તે પિતા બનવા માંગે છે, પરંતુ તેની પત્ની નથી ઈચ્છતી. તેથી જ તેને બાળકો નથી. જ્યારે તેની પત્ની શોમાં આવી ત્યારે પણ તેણે કહ્યું હતું કે તે બાળકો ઈચ્છતી નથી. હવે, મીડિયા રાઉન્ડ દરમિયાન ગૌરવને પૂછવામાં આવ્યું કે શું તેની પત્ની બાળકો ઈચ્છતી નથી. આ સહાનુભૂતિ કાર્ડ રમવા માટે એક ગણતરીપૂર્વકનું પગલું હતું આ સાંભળીને ગૌરવ ભાવુક થઈ ગયો અને રડવા લાગ્યો. તેણે કહ્યું આ એક ખૂબ જ સ્પર્શી પ્રશ્ન છે. હું મારી પત્નીને પ્રેમ કરું છું. તે જે કહે તે હું કરીશ.

ફરહાનાને પૂછવામાં આવ્યું કે તમે દરેકને દૌ પૈસે કી ઓરત કહો છો તો તમારા લેવલ પર જવા માટે કેટલા પૈસાના થવુ પડશે? ફરહાનાએ જવાબ આપ્યો કે મારી સામે કોઇ લડવા આવે છે તો હું પછી તેના લેવલ પર જાઉં છું.

પ્રણીતને એમ પણ પૂછવામાં આવ્યું કે તેણે કહ્યું હતું કે અભિષેક તેની પ્રાથમિકતા છે. પ્રણીતે જવાબ આપ્યો આ ઘરમાં પ્રાથમિકતાઓ બદલાતી રહે છે. ઉલ્લેખનીય છે કે આ શો હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી રહ્યો છે. ગૌરવ ખન્ના, પ્રણીત, ફરહાના, તાન્યા અને મિતાલી જ ઘરમાં ટકી રહ્યા છે. તે બધાએ શાનદાર પ્રદર્શન કર્યું. ચાહકો શો પર અપાર પ્રેમ વરસાવી રહ્યા છે. આ શો ટીઆરપીમાં પણ ટોપ ૧૦ માં સ્થાન ધરાવે છે. આવનારા દિવસોમાં કોણ વિજેતા બનશે તે જોવાનું રહેશે.

**બિગ બોસ ૧૯નો નવો પ્રોમો આવ્યો છે જેમાં મીડિયા ઘરના લોકોને સવાલો કરે છે. ત્યારે આ સવાલ જવાબ દરમિયાન ગૌરવ ખન્ના રડી પડે છે.**

# જીવો અને જીવવા દો, મલાઈકા અરોરાનો ટ્રોલ્સને યોગ્ય જવાબ, જે તેના કરતા ૧૭ વર્ષ નાના ઉદ્યોગપતિ સાથે જોડાયેલા છે

તાજેતરમાં, જ્યારે મલાઈકા અરોરા ઉદ્યોગપતિ હર્ષ મહેતા સાથે જોવા મળી હતી, ત્યારે સમાચાર ફરતા હતા કે શું તે તેના કરતા નાની કોઈને ડેટ કરી રહી છે. અરબાઝ ખાનથી છૂટાછેડાથી લઈને અર્જુન કપૂર સાથેના બ્રેકઅપ સુધીની દરેક બાબતમાં તેણીને ટ્રોલ કરવામાં આવી હતી. શું આનાથી મલાઈકા પર અસર પડી, મલાઈકા અરોરાએ એક કાર્યક્રમમાં ખુલ્લેઆમ વાત કરી.

**જીવો અને જીવવા દો**

મલાઈકા કહે છે, "મને લાગે છે કે ઘણા લોકો મજબૂત મહિલાઓને પસંદ નથી કરતા. સ્ત્રીઓને સતત મજબૂત હોવાનો આંકડો આપવામાં આવે છે. હું ફક્ત મારું જીવન જીવી રહી છું. હું હંમેશા કહું છું, 'જીવો અને જીવવા દો.' જ્યારે હું આ દુનિયા છોડી દઉં છું, ત્યારે હું ઈચ્છું છું કે લોકો મને આ વાક્ય માટે યાદ રાખેઃ 'મેં મારું જીવન રાણીના કદમાં જીવ્યું.'

મારા જીવનમાં ઘણા મહત્વપૂર્ણ અને અદ્ભુત પુરુષો રહ્યા છે; મને તેમના માટે અપાર આદર અને પ્રેમ છે." મારી સમસ્યા એ છે કે જો કોઈ પુરુષ આગળ વધવાનું, છૂટાછેડા લેવાનું અથવા તેનાથી અડધી ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે, તો લોકો કહે છે, "વાહ, તે ખૂબ સરસ છે." પરંતુ જ્યારે કોઈ સ્ત્રી આવું જ કરે છે, ત્યારે તેમને પ્રશ્ન કરવામાં આવે છે, "તમે આવું કેમ કર્યું? તમને સમજાતું નથી?" આ જ રૂઢિગત વાતો સતત કહેવામાં આવે છે.

મલાઈકાએ આગળ સમજાવ્યું કે હવે તેણીને કોઈ ટિપ્પણીઓ કે ટ્રોલિંગની અસર થતી નથી કારણ કે તેણીની ત્વચા જાડી થઈ ગઈ છે. તે કહે છે, "હું બહારથી પાતળી દેખાઈ શકું છું, પણ સાચું કહું તો, મારી ત્વચા જાડી છે. મને કંઈપણ પરેશાન કરતું નથી. અમારા વ્યવસાયમાં, લોકો દરેક વસ્તુ પર નજર રાખે છે - તમે કેવી દેખાય છે, તમે ક્યાં જાઓ છો, તમે શું કરો છો, તમે શું ખાઓ છો, તમે ક્યાં જાઓ છો.

હું ફરિયાદ વિના બધું સહન કરું છું. મારા સ્કર્ટની લંબાઈ, મારા છૂટાછેડા, માતા બન્યા પછી પણ ફિલ્મોમાં મારો નૃત્ય - બધું જ એક મુદ્દો બની ગયું. લોકો મને ટ્રોલ કરશે." જો દરેક નાની વસ્તુનો પ્રભાવ પડે, તો તે મારા જીવનને નિયંત્રિત કરવાનું શરૂ કરશે. જો હું આવું વિચારતી રહીશ, તો હું જીવનમાં આગળ વધી શકીશ નહીં. હવે, ૫૦ વર્ષની ઉંમરે, હું ફક્ત વિચારું છું, 'ભસતા રહો, મને કોઈ ફરક પડતો નથી.'



# વેદાંગ રૈનાને પણ એક હોરર ઝોમ્બી ફિલ્મની ઓફર



રણવીરની જયેશભાઈ જોરદારના દિગ્દર્શક દિવ્યાંગ ઠક્કરને દિગ્દર્શન અપાય તેવી સંભાવના બોલિવુડમાં હોરર ફિલ્મો બનાવવાની હોડ મચી છે. હવે વેદાંગ રૈનાને પણ એક ઝોમ્બી કોમેડી ફિલ્મ ઓફર થઈ હોવાનું કહેવાય છે. વેદાંગ રૈના અત્યાર સુધીમાં 'આર્ચીઝ' અને 'જિગરા' જેવી ફિલ્મો કરી ચૂક્યો છે. તે હાલ ઈમ્તિયાઝ અલીનો એક પ્રોજેક્ટ પણ કરી રહ્યો છે. તેણે આ હોરર ઝોમ્બી ફિલ્મ સ્વીકારી હોવા અંગે હજુ સુધી કશું ઓફિશિયલી જાહેર કરાયું નથી. વેદાંગ રૈના તેની ફિલ્મ કેરિયર કરતાં પણ જાહ્નવી કપૂરની બહેન ખુશી કપૂર સાથે અફેરનાં કારણે વધુ ચર્ચામાં છે. આ ફિલ્મનું દિગ્દર્શન રણવીરની 'જયેશભાઈ જોરદાર'નો દિગ્દર્શક દિવ્યાંગ ઠક્કર કરે તેવી સંભાવના છે. રણવીરની ગુજરાતનાં બેકગ્રાઉન્ડ પરની અને એક સોશિયલ મેસેજ ધરાવતી આ ફિલ્મ જોકે ટિકિટબારી પર ફલોપ થઈ હતી.



# નાગિન ફેમ અભિનેત્રી આશ્કા ગોરાડિયા તેના બીજા બાળકની અપેક્ષા રાખી રહી છે

ટીવી અભિનેત્રી અને ઉદ્યોગસાહસિક આશ્કા ગોરાડિયાએ તેની આઠમી લગ્ન વર્ષગાંઠ પર ચાહકો સાથે કેટલાક સારા સમાચાર શેર કર્યા. આશ્કા પતિ બ્રેન્ટ ગોબલ સાથે તેના બીજા બાળકની અપેક્ષા રાખી રહી છે. તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટમાં આ સમાચાર શેર કર્યા. સોશિયલ મીડિયા પર, આશ્કાએ લખ્યું, "બીજું બીચ બેબી આવી રહ્યું છે." તેણીએ બીચ-થીમ આધારિત એનિમેટેડ વિડિઓ શેર કર્યો, જેમાં પક્ષીઓના અવાજ અને પાણીનો અવાજ સ્પષ્ટપણે સાંભળી શકાય છે. પોસ્ટ અનુસાર, બીજા બાળકનો જન્મ માર્ચ ૨૦૨૬ માં થશે. આશ્કાએ લખ્યું, "બીજું બાળક આવવાનું છે. અમે મે ૨૦૨૬ માં અમારી આગામી ભેટ આવવાની રાહ જોઈ રહ્યા છીએ. તમારો પ્રેમ અને આશીર્વાદ મોકલો. આશ્કા અને એલેક્ઝાન્ડર." આશ્કાએ સમાચાર શેર કરતાની સાથે જ ચાહકો અને ટીવી સ્ટાર્સે તેને અભિનંદન આપ્યા અને હૃદયના ઈમોજી શેર કર્યા. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ, ઘણા યુગલોએ આ કપલને અભિનંદન આપવા માટે કોમેન્ટ સેક્શનમાં ભાગ લીધો.

# થિયેટરોમાં ખરાબ રીતે ફ્લોપ થઈ ફિલ્મ ગુસ્તાખ ઇશ્ક, ૫ દિવસમાં ૨ કરોડ પણ કમાઈ ના શકી!



વિજય વર્મા અને ફાતિમા સના શેખની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ગુસ્તાખ ઈશ્ક દર્શકોનું દિલ જીતવામાં નિષ્ફળ ગઈ. ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ ગઈ.

વિજય વર્મા અને ફાતિમા સના શેખની રોમેન્ટિક ડ્રામા ગુસ્તાખ ઈશ્ક ૨૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તે ધનુષ અને કૃતિ સેનનની તીવ્ર પ્રેમકથા તેરે ઈશ્ક મેં સાથે ટકરાઈ હતી. ગુસ્તાખ ઈશ્ક પહેલા દિવસથી જ બોક્સ ઓફિસ પર સંઘર્ષ કરી રહી હતી, પરંતુ તેરે ઈશ્ક મેં તેની શરૂઆતથી જ સારું પ્રદર્શન કરી રહી છે. વિભુ પુરી દ્વારા દિગ્દર્શિત, ગુસ્તાખ ઈશ્કની શરૂઆત ખરાબ રહી હતી.

**ગુસ્તાખ ઈશ્કએ પાંચમા દિવસે કેટલી કમાણી કરી?**

૧૯૯૦ના દાયકામાં સેટ કરેલી જૂની પ્રેમકથા ગુસ્તાખ ઈશ્ક દર્શકોને પસંદ પડી શકી નહી. રિલીઝના પહેલા દિવસથી જ તે બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી છે. સપ્તાહના અંતે પણ તેણે ખરાબ પ્રદર્શન કર્યું. જોકે, સોમવારે સૌથી ઓછા કલેક્શન પછી, મંગળવારે તેની કમાણીમાં થોડો વધારો જોવા મળ્યો.

આ બધા વચ્ચે, ફિલ્મનું કલેક્શન પ્રભાવશાળી છે. જૂના જમાનાના આકર્ષણથી ભરેલી આ નોસ્ટાલ્જિક ફિલ્મે ?૫૦ લાખ સાથે શરૂઆત કરી. ત્યારબાદ તેણે શનિવારે ?૪.૫ મિલિયન અને રવિવારે ?૩.૫ મિલિયનની કમાણી કરી. સોમવારે, તેની કમાણી ૮૦ ટકા ઘટીને માત્ર ?૦.૦૭ કરોડની કમાણી કરી.

હવે સેકનિલ્કના શરૂઆતના ટ્રેન્ડ રિપોર્ટ મુજબ, ગુસ્તાખ ઈશ્કએ તેની રિલીઝના પાંચમા દિવસે એટલે કે મંગળવારે ૧૧ લાખ રૂપિયાની કમાણી કરી છે. આ આંકડાઓ સાથે, ભારતીય બજારમાં 'ગુસ્તાખ ઈશ્ક'નું ચોખ્ખું કલેક્શન રૂ. ૧.૪૮ કરોડ સુધી પહોંચી ગયું છે. ગુસ્તાખ ઈશ્ક બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ થઈ ગઈ છે ગુસ્તાખ ઈશ્ક રિલીઝ થયાના પાંચ દિવસ પછી પણ ?૨ કરોડની કમાણી કરવામાં નિષ્ફળ ગઈ છે. આ ફિલ્મ હવે બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ થઈ ગઈ છે.

આ ફિલ્મની વાર્તા એક યુવાનની આસપાસ ફરે છે જે તેના પિતાના પ્રિન્ટિંગ પ્રેસને બચાવવાનો પ્રયાસ કરે છે, જે બંધ થવાની આરે છે. આમ કરવા માટે, તે એક અનામી અને એકાંત કવિ (નસીરુદ્દીન શાહ) ની મદદ લે છે. કવિની પુત્રીની ભૂમિકા ભજવતી ફાતિમા સના શેખ વાર્તાના કેન્દ્રમાં છે, જે ભાવનાત્મક જોડાણ બનાવે છે. સ્ટેજ ૫ પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત, આ ફિલ્મનું નિર્માણ પ્રખ્યાત ડિઝાઈનર મનીષ મલ્હોત્રા દ્વારા પણ કરવામાં આવ્યું છે.

# વશી જ્ઞાનદીપ વિદ્યાલયના ત્રણ ખેલાડીઓની રાજ્યકક્ષાએ પસંદગી



## ક્રિકેટ રમતમાં પ્રીત, વચમ, પ્રિન્સની હરણ ફાળ દોડ

સુરત, તા.૫

સ્વ. એમ. એમ. એ. વશી જ્ઞાનદીપ વિદ્યાલયના ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓએ ક્રિકેટ ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. અંડર–૧૪ ક્રિકેટ કેટેગરીમાં અભ્યાસ કરતા પ્રિન્સ વશી તેમજ વ્યાયામ શિક્ષક જીગ્નેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને અંડર–૧૭ કેટેગરીમાં પ્રીત મનોજભાઈ પટેલનું સ્કૂલ ગેમ્સ (SGFI) માં રાજ્ય કક્ષાએ સિલેક્શન થયું છે.

હવે ત્રણે ખેલાડીઓ ગાંધીનગર ખાતે નેશનલ સિલેક્શન માટે પ્રદર્શન કરવા જશે, જે સમગ્ર શાળા પરિવાર માટે ગૌરવની વાત છે.શાળા ના પીટીઇ શિક્ષક અમિત પટેલની મહેનત અને માર્ગદર્શન બદલ શાળા ના આચાર્ય સુનિલભાઈએ હાર્દિક અભિનંદન પાઠવ્યા. શાળા ના ટ્રસ્ટીશ્રીએ પણ પસંદગી પામેલા ખેલાડીઓને શુભકામનાઓ પાઠવી આગળના ચરણમાં ઉત્તમ પ્રદર્શન કરવા પ્રોત્સાહિત કર્યા.

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીના પ્રમાણમાં વધારો

## નલિયામાં ૧૧, રાજકોટ, ડિસા, વડોદરા, ભુજમાં ૧૪ અને અમરેલીમાં ૧૫ ડીગ્રી

અમદાવાદ, તા. ૦૫

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે પણ સવારમાં ઠંડા પવન સાથે ટાઢોડુ છવાયેલું રહ્યું હતું. આજે ૧૧ ડિગ્રી સાથે ફરી એક વાર નલિયા સૌથી વધુ ઠંડુ રહેવા પામ્યુ હતું. જ્યારે રાજકોટમાં પણ સવારે ૬ કિ.મી.ની ઝડપે પવન સાથે ૧૪.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા નગરજનો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે પડયા હતા.

ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે ગઈકાલે જ રાજયમાં ઠંડી ક્રમશઃ વધવાની આગાહી કરી છે અને સવારનું તાપમાન ૨ થી ૩ ડિગ્રી ગગડશે તેવું જણાવેલ છે. ત્યારે છેલ્લા બે દિવસથી ઉત્તર-પૂર્વના ઠંડા પવનો લોકોને ધ્રુજાવી રહ્યા છે.

દરમ્યાન આજે સવારે અમદાવાદ ખાતે ૧૭.૧, અમરેલીમાં ૧૫, વડોદરામાં ૧૪.૪, ભાવનગરમાં ૧૮.૮, ભુજમાં ૧૪.૬, ડિસામાં પણ ૧૪.૬, દમણમાં ૨૦, દિવમાં ૧૭.૪, દ્વારકામાં ૧૯.૫, ગાંધીનગરમાં ૧૫.૫, કંડલામાં ૧૭, ઓખામાં ૨૧.૫, પોરબંદરમાં ૧૬.૫, સુરતમાં ૧૯.૬ અને વેરાવળ ખાતે ૧૯.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

માગશર મહિનામાં શિયાળો ધીમે ધીમે અસલ મિજાજમાં આવી રહ્યો હોય એવું જામનગરવાસીઓને લાગી રહ્યું છે સતત લઘુતમ તાપમાનમાં વધઘટ વચ્ચે જામનગર શહેરમાં આમ જોઈએ તો લઘુતમ તાપમાન ૧૬ થી ૧૭ ડિગ્રીની વચ્ચે જ આઠ દિવસ ત્યાં રહે છે આજે પણ લઘુતમ તાપમાન નો પારો એક ડિગ્રી ઘટીને ૧૬ ડિગ્રી રહ્યો હતો

.તો દરિયાકાંઠાના વિસ્તારમાં ઠંડીનું જોર વધી રહ્યું છે લઘુતમ તાપમાન આજે ૧૬ ડીગ્રી નોંધાયું હતું જયારે મહત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી પર રહ્યું હતું અને શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા નોંધાયું છે જ્યારે પવનની ગતિ ૬. ૦૫ ટકા નોંધાય છે .

આમ લઘુતમ તાપમાનને મહત્તમ તાપમાનમાં તાપમાનમાં સતત વધારો ઘટાડો રહ્યા જ કરે છે આમ જોઈએ તો હિમાલય ઉપર આવતા પવનના લીધે જામનગરમાં પણ ઠંડીનું મોજું હોય તેવું લાગી રહ્યું છે અને આ ઠંડીના લીધે નગરસીમ વિસ્તાર ગ્રામ્ય વિસ્તારો હાઈવે ઉપર ઠંડી વધુ અનુભવાય છે.




સુરત એરપોર્ટ પર જાહેર સુરક્ષાની ચકાસણી માટે આજે એરપોર્ટ ઓથોરિટી, સુરત પોલીસ અને ડીજાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંયુક્ત રીતે આજે સવારે મોકડ્રીલ યોજવામાં આવી હતી. મોકડ્રીલ દરમિયાનના આ વિવિધ તસ્વીરો છે. (તસવીર : હનીફ મલેક)

# જીવા કંઠારીયાએ આઠ ગોલ્ડ સહિત વિવિધ મેડલો મેળવ્યા

સુરત તા. ૫

અત્રેની રાંદેર રોડ રેડિયન્ટ શાળામાં ધોરણ-૪માં અભ્યાસ કરતી મોટીવેડ સ્થિત જીવા કુમારી ચિન્મય કાંઠાળિયાએ શાળામાંથી ધોરણ-૪ સુધીમાં આઠ-આઠ ગોલ્ડ મેડલો, કાંશ્ય સર્ટીફીકેસ મેળવી શાળા શિક્ષકો, સમાજ અને શિક્ષિત પરિવારજનોનું ગૌરવ વધાર્યું છે. રાષ્ટ્રીય એવોર્ડ શિક્ષક એવા દાદાશ્રી ચંદ્રકાંત કંટાળિયાના માર્ગદર્શન અને સૂચન મેળવ્યા હતા. એમ તેમને આચાર્યશ્રી, શાળા પરિવાર, ગામ તથા સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન અને ઉતારો ઉત્તર પ્રગતિ એવી હાર્દિક શુભેચ્છાઓ.



# ચેક રિટર્ન કેસમાં જૈનશ ભાદાણીને એક વર્ષની સજા

## ચેકની રકમ ફરિયાદીને ચૂકવી દેવા કોર્ટનો આદેશ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫

સુરત શહેરના કતારગામ વિસ્તારના રહીશ જૈનેશ ધનજી ભાદાણીને મિત્રતાના નાતે ફરીયાદી જેનીશ જીતુ ગોધાણીએ હીરાનો માલ આપ્યો હતો. જેના હીરાના પેમેન્ટ પેટે આરોપી જૈનેશ ભાદાણીએ ચેક આપ્યો હતો, જે ચેક રીર્ટન થતા બંન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયું હતું અને સમાધાન પેટે ફરીવાર આરોપી જૈનેશ ભાદાણીએ કાયદેસરના નાણાં પેટે ચેક આપ્યો હતો, જે ચેક પરત ફરતા જેનીશ જીતુ ગોધાણીએ એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં કેસ કર્યો હતો. કોર્ટે આરોપી જૈનેસને કસૂરવાર ઠેરવી ૧ વર્ષની કેદની સજા તેમજ ચેકની રકમ ૧૪,૩૧,૦૦૦ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો આદેશ કર્યો હતો.

કોર્ટએ હુકમમાં તારણ કર્યું હતું કે. આરોપીપક્ષ દ્વારા ચેકનું એક્ઝીક્યુશન કરવામાં આવ્યુ નથી કે ચેકમાં આરોપીની સહી નથી તેવો કોઈ બચાવ લેવામાં આવેલ ન હોય ત્યારે આરોપીએ ચેક સહી કરીને આપેલ તે સાબીત કરવાનું રહેતું નથી. તેમજ આરોપી પક્ષ શંકા ઉપજાવી શકે તેવો કોઈ બચાવ લેવામાં આવેલ નથી કે જેના આધારેએ હકીકત માની શકાય કે ફરીયાદીને ફરીયાદવાળા ચેક કાયદેસરના ચુકવણી માટે આપેલાની હકીકત રેકર્ડ પરથી સાબીત થાય છે.

# નવનિયુક્ત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને નિમણુંકપત્ર એનાયત

## ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું

સુરત, તા.૫

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલાના વરદ્દહસ્તે વીર નર્મદ દ. ગુજરાત યુનિવર્સિટીના કન્વેશન હોલમાં રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપક્રમે સુરત જિલ્લાના ૧૫૩૯ નવનિયુક્ત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને નિમણુંકપત્ર અર્પણ કરાયા હતા. સાથે જ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલા રાજ્યકક્ષાનાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, નવી પેઢીને ઘડવામાં આંગણવાડી બહેનોની જવાબદારી ખૂબ જ મહત્વની હોય છે, કારણ કે માતા-પિતા પછી તેઓ જ બાળકને સંભાળે છે, તેમને પોષણ આપે છે અને તેમના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ માટેનું પ્રથમ પગથિયું પૂરું પાડે છે. નાનાં બાળકોની સંભાળ રાખવી અત્યંત જવાબદારીપૂર્ણ અને કઠિન કામોગીરી છે, જે આંગણવાડી બહેનો દિનદિન પ્રતિદિન નિભાવતી હોય છે. બાળકોના પોષણની સાથોસાથ

છેવાડાના વિસ્તારો સુધી આરોગ્ય ઝુંબેશ, રસીકરણ, શિક્ષણને પ્રોત્સાહન જેવા મહત્વના સરકારના લક્ષ્યો પૂર્ણ કરવામાં મોટું યોગદાન આપે છે. મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે બાળકો, મહિલાઓના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. વર્ષ ૨૦૦૨માં મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરીને મહિલા અને બાળકો માટે અલગ બજેટ ફાળવવામાં આવ્યું, જેના કારણે આ ક્ષેત્રે વિશેષ કાર્ય શક્ય બન્યું. આ વિભાગ નાનો હોવા છતાં અત્યંત મહત્વનો છે. વિકસિત ગુજરાતના લક્ષ્ય સાથે મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપી રાજ્યને કુપોષણમુક્ત બનાવવાનો સંકલ્પ આપણે સૌએ કરવો જોઈએ. વધુમાં તેમણે ઉમેર્યું કે, આંગણવાડી બહેનોનું કાર્ય બાળ-સંભાળની સાથોસાથ નાનાં બાળકોમાં સંસ્કારનું સિંચન કરવાનું પણ છે. ભાવિ પેઢીને સંસ્કારી અને સુદ્રઢ બનાવવા આંગણવાડી બહેનોનો નોંધપાત્ર ફાળો છે. પસંદગી પામેલી બહેનો ઉત્તમ કામગીરી કરશે તો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા યશોદા એવોર્ડ માટે પણ પાત્ર બનશે એમ રાજ્ય મંત્રીશ્રીએ સૌને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા, મેયરશ્રી દક્ષેશભાઈ મેવાણી, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, ડે.મ્યુ.કમિશનર દિનેશ ગુરવ, ઝોન-૪ના ડીસીપી ડો.નિધિ ઠાકુર સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારી-કર્મચારીઓ અને આંગણવાડીઓની બહેનો, નવનિયુક્ત બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# માવો, પનીર, ચીઝ એનાલોગનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો

## એસઓજી પોલીસ તથા ફૂડ સેફટી વિભાગ દ્વારા પુણા રોડ અને ઉધનાની દુકાનોમાં તપાસ

સુરત, તા.૫

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) (ડી.) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૪/૧૨/૨૦૨૫ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકાના ફૂડ ઈન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસર અને SOG નાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા ઠેકાણું- ૨૩, જી-૨, પ્રિયંકા ઈન્ટ્સીટી, ભક્તિધામ મંદિર પાસે, સૂરત કડોદરા રોડ, સુરત ખાતે આવેલ હનુમાન રામ લાધુરામ બિસનોય ના ઘરમાં 'મીઠા માવા' નો શંકાસ્પદ જથ્થો હોવાનુ માલુમ પડેલ. ઉપરોક્ત સ્થળેથી 'મીઠા માવા' નો નમુનો લઈ પુથક્કરણ સારુ લેબોરેટરી મોકલવામા આવેલ છે. અને ઠેકાણું- પ્લોટ નં -૧૦, શોપ નં-૧, જયંતિનગર સોસાયટી દેના બેંક ની પાછળ, પટેલ કોલોની, ઉધના, સુરત ખાતે આવેલ " શ્રીજી પ્રોવિઝન સ્ટોર "

નામની સંસ્થામાં " પનીર " અને "નોન બ્રાનન્ડેડ ચીઝ એનાલોગ" નો શંકાસ્પદ જથ્થો હોવાનું માલુમ પડેલ, ઉપરોકત સંસ્થામાથી " પનીર " અને "નોન બ્રાનન્ડેડ ચીઝ એનાલોગ" ના નમુનાઓ લઈ પૃથ્થકરણ સારું લેબોરેટરી ખાતે મોકલાવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી ફુડ સેફટી એકટ-૨૦૦૬ અને તેના નીતી-નિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં હનુમાન રામ લાધુરામ બિસનોય ના ઘરમાં થી આશરે ૧૨૮ કિલો 'મીઠા માવા' નો જથ્થો સીઝ કરવામા આવેલ છે, જેની અંદાજિત કિંમત આશરે રૂ.૨૬,૮૮૦/- (અંકે રૂપિયા છવ્વીસ હજાર આઠસો એંસી પુરા) છે. તેમજ ૩૮ કિલો 'મીઠા માવા' નો જથ્થો નાશ કરવામા આવેલ છે અને " શ્રીજી પ્રોવિઝન સ્ટોર " સંસ્થામાંથી આશરે ૬૯ કિલો " પનીર " નો જથ્થો સીઝ કરવામા આવેલ છે, જેની અંદાજિત કિંમત આશરે રૂ.૨૪,૧૫૦/- (અંકે રૂપિયા ચોવિસ હજાર એકસો પચાસ પુરા) છે.અને ૮ કિલો "નોન બ્રાનન્ડેડ ચીઝ એનાલોગ" સીઝ કરવામા આવેલ છે, જેની અંદાજિત કિંમત આશરે રૂ.૧,૯૨૦/- (અંકે રૂપિયા એક હજાર નવસો વીસ પુરા) છે.

### રાજઘાટ પર મહાત્માને

પહેલા પાનાનું ચાલુ

વધારવા માટે, બંને દેશોએ ૨૦૨૧ થી ૨૦૩૧ ના સમયગાળા માટે લશ્કરી તકનીકી સહયોગ કાર્યક્રમ પરના કરારને પણ લંબાવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ, બંને દેશોએ સંશોધન અને વિકાસ, ઉત્પાદન, જાળવણી, શસ્ત્ર પ્રણાલીઓ અને લશ્કરી સાધનોમાં તકનીકી સહયોગને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ અને લશ્કરી તકનીકી બાબતોની સમીક્ષા કરવા માટે એક સંસ્થાકીય પદ્ધતિ અસ્તિત્વમાં છે. ૨+૨, ૨૦૨૧ માં શરૂ કરાયેલ, એક ઉચ્ચ-સ્તરીય મંચ છે જ્યાં બંને દેશોના સંરક્ષણ અને વિદેશ પ્રધાનો સંયુક્ત રીતે તેમના સંબંધોની સમીક્ષા કરે છે. સૌથી મહત્વપૂર્ણ સંસ્થા ભારત-રશિયા આંતર-સરકારી લશ્કરી ટેકનિકલ સહકાર કમિશન (IRIGC-MTC) છે, જેની સ્થાપના ૨૦૦૦ માં થઈ હતી. બંને દેશોના સંરક્ષણ પ્રધાનો દર વર્ષે પ્રગતિની સમીક્ષા કરવા માટે મળે છે. આ માળખામાં, બે કાર્યકારી જૂથો અને નવ પેટા જૂથો વિવિધ તકનીકી અને લશ્કરી મુદ્દાઓ પર કામ કરે છે.

હાલમાં, બંને દેશો વચ્ચેના સહયોગમાં -૯૦ ટેન્ક અને સુખોઈ-૩૦MKI વિમાનનું લાઈસન્સ ઉત્પાદન અને કામોવ હેલિકોપ્ટર (Ka-૩૧) ની સપ્લાયનો સમાવેશ થાય છે. આ સહયોગ હવે પરંપરાગત ખરીદનાર-વેચાણકર્તા સંબંધોથી આગળ વધીને સંયુક્ત ડિઝાઈન, સંશોધન અને ઉત્પાદનના મોડેલમાં વિકસિત થયો છે.

બંને દેશો સંયુક્ત ઉત્પાદનના ક્ષેત્રમાં પણ સહયોગનો વિસ્તાર કરી રહ્યા છે, જેમાં બ્રહ્મોસ મિસાઈલ એક અગ્રણી ઉદાહરણ છે. વધુમાં, છદ્ધ-૨૦૩ રાઈફલ્સના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ સ્થાપિત કરવામાં આવ્યું છે, અને મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ ઉત્પાદન ચાલી રહ્યું છે.

### અમેરિકા રશિયા પાસેથી ખરીદી

પહેલા પાનાનું ચાલુ

બીજી તરફ, ટ્રમ્પ વહીવટીતંત્ર સતત આરોપ લગાવતું રહ્યું છે કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં પુતિનને મદદ કરી રહ્યું છે. તાજેતરમાં, ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે નરેન્દ્ર મોદીએ તેમને ખાતરી આપી હતી કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે, જોકે ભારતે આ દાવાને નકારી કાઢ્યો હતો, અને કહ્યું હતું કે તે ભારતીય ગ્રાહકોના હિતોને પ્રાથમિકતા આપે છે.

દરમિયાન, રશિયન કંપનીઓ પર યુએસ પ્રતિબંધોમાં વધારો થવાને કારણે, ભારતે તેમની પાસેથી તેની ખરીદી ઘટાડી દીધી છે અને હવે તે ફક્ત પ્રતિબંધોની સૂચિમાં ન હોય તેવી કંપનીઓ પાસેથી જ આયાત કરે છે. નિષ્ણાતોના મતે, ભારતનું આ પગલું યુએસની અપેક્ષાઓ અનુસાર જોવામાં આવે છે.

### ડોલર સામે

પહેલા પાનાનું ચાલુ

પણ રૂપિયામાં દબાણ વધી રહ્યું છે. ડોલર સામે રૂપિયો ગગડવાના કારણે ભારત અનેક નુકસાનનો સામનો કરી રહ્યું છે. આ નબળાઈની અસર શેર માર્કેટ, વિદેશી ચલણના વેપારીઓ (ક્ષ્રાિટ્ િક્ષિજ્ઞિ) પર પડવાની સાથે સામાન્ય ભારતીય પરિવારો પણ સંકટનો સામનો કરી રહ્યા છે.

વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો ખર્ચ ૨૦૨૩ની તુલનાએ વાર્ષિક પાંચથી ૧૦ લાખ રૂપિયા વધી શકે છે. જે વિદ્યાર્થીઓ ટ્યૂશન ફી અને રહેવાનો ખર્ચ ડોલરમાં ચૂકવે છે, તે ખર્ચમાં પણ વધારો થઈ શકે છે.

જે વિદ્યાર્થીઓ વાર્ષિક ટ્યૂશન ફી ૫૦,૦૦૦ ડોલર ચૂકવી રહ્યા છે, એટલે કે તેઓ એક ડોલરના ૮૦ રૂપિયા મુજબ ૪૦ લાખ રૂપિયા ચૂકવી રહ્યા છે, તો હવે તે ૪૫ લાખ રૂપિયા થઈ ગઈ છે. આમ, ફીમાં પાંચ લાખ રૂપિયાનો વધારો થયો છે.

રૂપિયાનું મૂલ્ય ઘડવાની અસર એજ્યુકેશન લોન પર પણ પડી છે. જે વિદ્યાર્થીએ પ્રતિ ડોલર રૂ.૮૦ના દરે એજ્યુકેશન લોન લીધી છે, તેઓ કે પછી તેમના પરિવારે હવે રૂપિયાના મૂલ્યમાં થયેલા ઘટાડાને કારણે ૧૨% થી ૧૩% વધારે રકમ ચૂકવવી પડી રહી છે.

### ઈન્ડિગો

પહેલા પાનાનું ચાલુ

આવતીકાલની ફ્લાઈટથી જઈએ, પરંતુ તે નક્કી નથી કે તે ફ્લાઈટ ઉપડશે કે નહીં. કાલની ફ્લાઈટનો સમય પણ નથી જણાવી રહ્યા. હવે ગોવામાં એક દિવસ વધુ રોકાવું મજબૂરી બની ગઈ છે.

ગોવામાં અન્ય એક મુસાફરે કહ્યું- અમે હમણાં દિલ્હીથી ગોવા એરપોર્ટ પર પહોંચ્યા છીએ. અહીંથી લક્ષદ્વીપ માટે અમારી કનેક્ટિંગ ફ્લાઈટ હતી, પરંતુ મોડા પહોંચવાને કારણે તે ફ્લાઈટ છૂટી ગઈ. આ બધું ઈન્ડિગોના કારણે થયું છે. તેઓ અમારી કોઈ મદદ પણ નથી કરી રહ્યા. દિલ્હી એરપોર્ટ પર પણ કોઈએ કંઈ જણાવ્યું ન હતું.

ગુજરાતના અમદાવાદ એરપોર્ટ પર એક મુસાફરે જણાવ્યું, 'ગઈકાલે (૪ ડિસેમ્બર) બપોરે અમદાવાદથી વારાણસી માટે મારી ફ્લાઈટ હતી. ઘણું મોડું થયા પછી ફ્લાઈટ રદ કરી દીધી, પરંતુ હજુ સુધી અમારો સામાન પાછો મળ્યો નથી.'

### લીન્કડીન પ્લેટફોર્મ

પેજ-૨ પાનાનું ચાલુ

અને લીડ જનરેશન માટે શક્તિશાળી સાધન બની ગયું છે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો યોગ્ય પ્રોફાઈલ પ્રેઝન્ટેશન, કન્ટેન્ટ શેરિંગ, નેટવર્ક કનેકશન અને ઈન્ડસ્ટ્રી અપડેટ્સ દ્વારા પોતાના બિઝનેસને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડી શકે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને ડિજિટલ પ્રેઝન્સ સુધારવા અને કોમ્યુનિકેશન સ્ટ્રેટેજી અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યું હતું કે, સુરતના ફેબ્રિકસને ટેકનોલોજી સાથે જોડી તેમાં મોડર્ન ડિઝાઈનનો સમાવેશ કરીએ તથા પેકેજિંગ અને બ્રાન્ડિંગને વૈશ્વિક સ્તરનો ટચ આપી દઈએ તો ભારત માત્ર વિશ્વનું સપ્લાય હબ નહીં રહે, પરંતુ એક મહત્વપૂર્ણ ટ્રેડ સેન્ટર તરીકે પણ ઉભરી શકે છે. સરકારે એક્ષપોર્ટને પ્રોત્સાહન આપવા માટે નીતિઓને સરળ બનાવી છે. નવા આંતરરાષ્ટ્રીય બજારો ઝડપથી ખુલતા જઈ રહ્યા છે અને ડિજિટલ પ્લેટફોર્મ્સે એક્ષપોર્ટર્સ માટે વૈશ્વિક બજારના દ્વાર સંપૂર્ણપણે ખોલી દીધા છે. આ યુગમાં દરેક ઉદ્યોગ સાહસિક માટે સમાન અને વિશાળ તકો ઉપલબ્ધ થઈ રહી છે.

ચેમ્બરના જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી અતુલ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જયારે ચેમ્બરના સિનિયર મેનેજર શ્રીમતી સેજલ પંડયાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. ટેક્ષ્ટાઈલ પર્વના આ સત્રોમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને ટેક્ષ્ટાઈલ પ્રોફેશનલ્સને વૈશ્વિક ટ્રેન્ડ્સ, ટેકનોલોજી, શિક્ષણ અને ડિજિટલ બિઝનેસ ગ્રોથ બાબતે ઉપયોગી માર્ગદર્શન મળ્યું હતું.

### નેગેટિવમાંથી પોઝિટિવએ

પેજ-૨ પાનાનું ચાલુ

કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી પ્રમોદ ભગતે વક્તાઓનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના કો–ચેરમેન શ્રી ભૌતિક શેઠે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રિટેલ ક્ષેત્રના માંધાતાઓએ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશી તથા ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના કો– ચેરમેન શ્રી મિતેશ શાહે ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.

### અંકલેશ્વરની સંસ્કારદીપ

પેજ-૨ પાનાનું ચાલુ

જે અંગેનું પરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન વાલીઓને આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઓમકાર ગ્રુપના હસમુખભાઈ પટેલ, અંકલેશ્વર ઉદ્યોગ મંડળના સેક્રેટરી નિલેશભાઈ પટેલ, અલ્કેશભાઈ, ભાવિશાબહેન અને ભુપતભાઈ સહિતના આગેવાનો તેમજ શાળા પરિવાર અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા

### રાજપીપળા

પેજ-૨ પાનાનું ચાલુ

ગોઠવી હતી.તે દરમિયાન બાતમી વાળી ગાડી આવતા પોલીસે તેને અટકાવી અંદર તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૪૧ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે ૮૧ હજારનો દારૂ અને ગાડી મળી કુલ ૬.૯૧ લાખના મુદ્દામાલ સાથે અંદાડા ગામની શ્યામ રેસિડેન્સીમાં રહેતો વિનોદ ઉર્ફે સુનીલ રામસંગભાઈ ગોહીલને ઝડપી પાડ્યો હતો.નકુલ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સારા માણસ બનવાની

પેજ-૨ પાનાનું ચાલુ

અને શાળામાં જીવનનું ઘડતર થાય છે. સાથે સંગત અને જીવનમાં થયેલા અનુભવો જ માણસનો અભિગમ બનાવે છે. જે તેના જીવનનો આધાર બને છે.

પ્રગતિશીલ જીવનનું પંચામૃત :(૧) સકારાત્મક વિચારો.(૨) નવુ શીખવું., (૩) બદલાવને સ્વીકારો., (૪) આફતમાં અવસર શોધો., (૫) સારા માણસ બનવાની ઈચ્છા કાયમ રાખો.

સામાન્ય કરીયાણાની દુકાન માંથી આજે માય મોલની સફળ ઈમેજ બનાવનાર માય મોલના ફાઉન્ડર મેહુલભાઈ હિરપરાએ અતિથી વક્તા તરીકે પ્રગતિશીલ જીવન વિશે પોતાની જીવન યાત્રાને સાંકળી વાત કરી હતી. મૂળ કાલાવડના મોટા પાંચદેવડા ગામથી સુરતમાં સ્થાયી થયેલ પિતા જમનભાઈ હિરપરાની કરિયાણાની દુકાન હતી. ધો. ૯ પાસ મેહુલને હંમેશા ધંધાના મોટા સ્વપ્ના જોવાની ટેવ હતી. અંતે ખુબ ટૂંકા ગાળામાં માયમોલની બ્રાંડ બનાવી છે. તેમણે જણાવ્યું હતું કે, નવા નવા વિચારો તેમજ કિમીયાઓ જ ધંધાનો વિકાસના પંથે લઈ જતા હોય છે. સફળતા માટે સતત પ્રયાસ કરવાની જરૂર છે હરીફાઈ કરવાની જરૂર નથી. જીવનને સતત અપડેટ કરતા રહેવું તે જ સફળતાની ચાવી છે. પ્રગતિશીલ અભિગમ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, જયારે ડીલમાં ૯૦% જવાબ હાજર હોય ત્યારે તે ડીલ ક્લોજ થાય છે. પછી જવાબ આપીશના જવાબથી વેપાર અટકે છે. ગ્રાહકને સસ્તુ, સારૂ અને સારી સર્વિસ આપવાની જરૂર હોય છે. ધંધામાં સફળતા માટે કોઈની સાથે હરીફાઈ કરવાની જરૂર નથી. દ્રઢ સંકલ્પ જ સફળતા આપાવે છે. અંતે જણાવ્યું હતું કે, જીવનને સતત અપડેટ કરતા રહેવું તે સફળતા માટેની માસ્ટરકી છે.

આ પ્રસંગે તેમના પિતા જમનભાઈ, માતા કંચનબેન અને પત્ની ચાંદનીબેન ઉપસ્થિત રહ્યા હતા. મેહુલભાઈ જમનભાઈ હિરપરા પરિવાર તરફથી જમનાબા ભવન નિર્માણમાં રૂ. ૨૧ લાખનો આર્થિક સહયોગ આપવાનો સંકલ્પ કરતા તેમને દાતા ટ્રસ્ટી તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૦૫ ડિસેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીમાં આજે ઉમેદવારી નોંધાવવા અંતિમ દિવસ

## આવતા સોમવારે ઉમેદવારી ફોર્મની ચકાસણી હાથ ધરાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બનશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીમાં ઝંપલાવનાર મોટાભાગના ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભરીને જમા કરાવી દીધા છે. આજની ઉમેદવારી ફોર્મ જમા કરાવવાની અંતિમ તારીખ છે, જ્યારે સોમવારે આ ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવશે તેવું ચૂંટણી કમિશનર કમલ અસારાવાલાએ જણાવ્યું હતું.

સુરત જિલ્લા વકીલ મંડળની આગામી વર્ષની ચૂંટણી ૧૯ ડિસેમ્બરે યોજાનાર છે. આજે ઉમેદવારી ફોર્મ ભરવાની આખરી તારીખ છે. જેમાં મોટાભાગના ઉમેદવારોએ ફોર્મ જમા કરી દીધા છે. પ્રમુખ પદે એક મહિલા સહિત ચાર ઉમેદવારોએ ફોર્મ લીધા હતા. જેમાંથી ત્રણ ઉમેદવારોએ ફોર્મ જમા કરાવી દીધા છે. જ્યારે મહિલા ઉમેદવારે આજે બપોર પહેલા સુધી ફોર્મ જમા કરાવ્યું નથી. ઉપપ્રમુખમાં પણ તમામ ઉમેદવારોએ ફોર્મ જમા કરાવ્યા છે. જ્યારે મંત્રી પદ માટે ચાર ઉમેદવારએ ચૂંટણી કમિશનર પાસેથી ઉમેદવારી ફોર્મ લઈ ગયા હતા. જેમાંથી ત્રણ ઉમેદવારએ ફોર્મ ભરીને સબમીટ કરી દીધા છે પરંતુ એક વકીલે અત્યાર સુધી ફોર્મ જમા કરાવ્યું નથી. આ વકીલ મુદ્દે વકીલોમાં ચર્ચા છે કે આ વકીલ ચૂંટણી લડશે નહી, કાતો ફોર્મ જમા કરાવશે નહી અથવા જમા કરાવ્યા બાદ પાછું ખેંચી લેશે તેવી પણ ચર્ચાએ જોર પકડ્યું છે.

ખજાનચી પદના ઉમેદવારોના ફોર્મ જમા થઈ ગયા છે જ્યારે એલ આર ૫૬ માટે ત્રણ મહિલા વકીલોએ ફોર્મ લીધા હતા. જેમાંથી બે મહિલા વકીલોએ ફોર્મ ભર્યા છે. જ્યારે એક મહિલા બાકી છે. કાઉન્સિલ મેમ્બરમાં પણ ૨૮ ફોર્મ વકીલોએ લીધા હતા. જેમાંથી ૨૬ વકીલોએ કાઉન્સિલ મેમ્બર તરીકેની ચૂંટણી લડવા ફોર્મ જમા કરાવી દીધા છે. બે વકીલો બાકી છે. આજે સાંજ સુધી ફોર્મ જમા કરવા સુધીનો સમય છે.



**સુરત મહાનગરપાલિકા દ્વારા તાપી નદી કિનારા, દરિયા કિનારા સહિતના વિવિધ વિસ્તારમાં સફાઈ ઝૂંબેશ ચાલી રહી છે. ત્યારે નાનપુરા બહુમાળી ભવન સામે આવેલા નાવડી ઓવારા પર કચરાના ઢગલાં ખડકાયેલા હોવાનું આ તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)**

# સૈયદપુરાના યુવકના ખાતામાંથી રૂા.૧૭ હજાર આપમેળે ઉપડી ગયા

## સુરતમાં રહેતો પશ્ચિમ બંગાળનો યુવક સાયબર ફ્રોડનો શિકાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સૈયદપુરા ખાડી શેરીમાં રહેતા ૨૬ વર્ષિય યુવકના એકાઉન્ટમાંથી બારોબાર ૧૭ હજાર કોઈક ભેજાબાજે ઉપાડી લેતા આ મામલે લાલગેટ પોલીસ મથકમાં યુવકે ગુનો નોંધાવ્યો હતો.લાલગેટ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સૈયદપુરા ખાડી શેરી મુનશી મંઝીલમાં રહેતો વાસુદીન અબ્બાસ મલિક ઉ.વ.૨૬ મુળ પશ્ચિમ બંગાળનો વતની છે દરમિયાન ગઈ તા.૧ ડિસેમ્બરના રોજ તેના એસબીઆઈના બેંક એકાઉન્ટની વિગતો મેળવી લઈ કોઈક ભેજાબાજે પીન પાસવર્ડ મેળવી તેના એકાઉન્ટમાંથી બારોબાર રૂ.૧૭ હજાર અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. બેંકમાંથી પૈસા ઉપડી ગયા હોવાની જાણ થતા આ મામલે વાસુદીનો લાલગેટ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.સુરત સિટી પોલીસ એક તરફ સાયબર માફિયાઓ પર સકંજો કસી રહી છે. ત્યારે સાયબર માફિયાઓ પણ નીતનવી ટેકની અપનાવી લોકોને ઠગવાનું ચાલુ રાખ્યું છે.

# રામનગરમાં રાત્રે શાકભાજીની લારી અંગે મારા મારીમાં લોખંડના સળિયા ઉછળ્યાં

## જાહેર રસ્તા પર લારીના દબાણના મુદ્દે થયેલી મારા મારીમાં વચ્ચે પડનાર મહિલાને પણ માર મરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

રાંદેર રામનગર રોડ પર જાહેર રસ્તા પર દબાણ ઉભું કરી શાકભાજીનો ધંધો કરનારાઓ મોડી રાત્રે બાખડી પડ્યા હતા. મહિલા સહિતના પરિવારને જાહેરમાં માર મારવામાં આવ્યો હોય સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.મુળ ઉત્તરપ્રદેશનો વતની અને હાલ રામનગર વિશ્વકર્મા સોસાયટીમાં રહેતો હરીશ મોહનલાલ સિંહ ઉ.વ.૨૫ ગઈકાલે રાત્રિના ૧૧ વાગ્યાની આસપાસ રાંદેર રામનગર પ્રશાંત બેકરીની સામે આવેલ રોડ પર શાકભાજીની લારી લઈને ઉભો હતો ત્યારે ઓમબીર કોલી અને શિવકુમાર કોલીએ આ જગ્યા પર લારી લગાડવાની નહીં તેમ કહી બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. ફરીયાદી હરીશની પત્નીએ ઝઘડો છોડાવવા વચ્ચે પડતા ઓમબીર અને શિવકુમારે હરીશ તેમજ તેની પત્નીને માર માર્યો હતો. ત્યારબાદ હરીશની બહેન તેમજ મિત્ર વચ્ચે પડતા તેમને પણ માર મારવામાં આવ્યો હતો. જાહેર રસ્તા પર લોખંડના સળીયાથી મારા-મારી કરી ભયનો માહૌલ ઉભો કરાયો હતો. આ મામલે રાંદેર પોલીસ સ્ટેશનમાં હરીશ સિંહે ફરીયાદ નોંધાવી હતી.

### શાકભાજીના ગેરકાયદે બજારે રસ્તા પર કબજો કરી લીધો

રાંદેર રામનગર રોડ પર પ્રશાંત બેકરી પાસે જાહેર રસ્તા પર દબાણ ઉભું કરી સુરત મનપાનાં રાંદેર ઝોનના આર્શિવાદથી વર્ષોથી બિંધાસ્ત શાકભાજી વાળા ઉભા રહે છે. નજીકમાં બે ત્રણ સ્કુલો પણ આવેલી હોય સવારના સમયે શાકભાજીવાળાઓના દબાણને કારણે ટ્રાફીકની પણ સમસ્યા ઉભી થતી હોય છે. રાંદેર ઝોનના અધિકારીઓને આ વર્ષોથી જાહેર રસ્તાની એક બાજુએ ભરાતી બજાર આજદિન સુધી નજરે પડી નથી.

# શાકભાજીવાળાને ઘર પાસેથી જતો રહેવાનું કહેવાતા બબાલ

## પાંડેસરાની શાંતિનિકેતન સોસાયટીમાં રહેતી શાંતીદેવી સહિત પરિવારને માર મરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

પાંડેસરામાં શાકભાજીવાળાને ઘર નજીકથી જતો રહેવાનું કહેતા અડોશ પડોશમાં રહેતી મહિલાઓ બાખડી પડી હતી. મહિલા તેની પુત્રી અને વહુને ઢીક મુક્કીનો માર મારનાર ચૌહાણ પરિવાર સામે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં શાંતિદેવી પાલના પરિવારે ફરીયાદ નોંધાવી હતી.

પાંડેસરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પાંડેસરા કૈલાશ ચોકડી પાસે શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા શાંતિદેવી રાજારામ પાલ ઉ.વ.૪૫ના ઘર નજીક ગઈકાલે બપોરે શાકભાજી વાળો ઉભો હતો દરમિયાન તેને ઘર નજીકથી જતા રહેવાનું કહેતા પડોશમાં રહતી મંજુ મોહનલાલ ચૌહાણ, તેના પતિ મોહનલાલ ચૌહાણ તેમજ પુત્રી રાની ચૌહાણે શાંતી દેવી તેની પુત્રી અને વહુને ઢીક મુક્કીનો માર માર્યો હતો. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલા શાંતિદેવીના પતિને પણ માર મારવામાં આવ્યો હતો. આ મામલે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.




**દશનામ ગોસ્વામી સમાજ સુરત દ્વારા આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ચીફ મેડિકલ ઓફિસરને આવેદનપત્ર આપી પુણાગામ ખાતે આવેલી સદવિચાર જનરલ હોસ્પિટલના ગાયનેક ડો. વિણા કંડેલ સામે ગંભીર આક્ષેપ કર્યા છે કે, તેમની સમાજની દીકરી નીકિતા ગોસ્વામીનું તબીબોની બેદરકારીને કારણે ડિલેવરી સમયે મૃત્યુ થયું હતું. આ પ્રકરણની ન્યાયીક તપાસ કરવાની દશનામ ગોસ્વામી સમાજે માગણી કરી છે. (તસવીર : હનીફ મલેક)**

# સિંગણપોરના શક્તિ જ્વેલર્સના માલિક અમિત સોનીનું ઉઠમણુ

## મહિલા પાસેથી રિપેરિંગ કરવા લીધેલા રૂા.૬ લાખના ઘરેણાં લઈ દુકાન બંધ કરી સોની ભાગી ગયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સિંગણપોર ચાર રસ્તા સરદાર હોસ્પિટલ નજીક આવેલા શક્તિ જ્વેલર્સના માલિકે વરાછા ચીકુવાડી વિસ્તારમાં રહેતી મહિલાના રૂ.૬ લાખના સોનાના દાગીના રીપેરીંગ માટે લીધા બાદ તે પરત નહીં કરી દુકાન બંધ કરી ભાગી ગયો હતો. આ અંગે મહિલાએ કતારગામ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી હતી.

કતારગામ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાનાં હણોલ ગામના વતની અને હાલ વરાછા મેઈન રોડ ચીકુવાડી પાસે સુર્ય કિરણ સોસાયટીમાં રહેતા જયશ્રીબેન ચિરાગભાઈ માંગુકીયા ઉ.વ.૩૪એ ગત ડિસેમ્બર ૨૦૨૪માં સીંગણપોર ચાર રસ્તા પાસે શક્તિ જ્વેલર્સના માલિક અમિત દિલિપ સોનીને ૮૪.૬૯ ગ્રામ સોનું કિંમત રૂ.૬ લાખ રીપેરીંગ માટે આપ્યું હતું. એક વર્ષ પહેલા આપેલું સોનું આજદિન સુધી રીપેરીંગ કરીને પરત કરાયું ન હતું. દુકાને તપાસ કરતા શક્તિ જ્વેલર્સ બંધ હોય અમિત સોનીનો કોઈ સંપર્ક નહીં થઈ શકતા આ વિશ્વાસઘાત અંગે ગઈકાલે જયશ્રી માંગુકીયાએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની જામીન અરજી પર આજે કોર્ટનો ચુકાદો

## લોન છેતરપિંડી કેસમાં કનૈયાલાલ કોન્ટ્રાક્ટર જ્યુડીશીયલ કસ્ટડીમાં છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ભરથાણા ખાતે કેપીટલ ગ્રીન્સમાં ગણપત મેરઠવલના ફ્લેટમાં ભાડેથી રહેતા કનૈયાલાલ કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ડીસીબી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો. કનૈયાલાલ કોન્ટ્રાક્ટરના નાના ભાઈ હેમંત કોન્ટ્રાક્ટરના પત્ની નયનાબેન કોન્ટ્રાક્ટરે જેઠ કનૈયાલાલ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ આરોપ લગાવ્યો હતો કે, નયના કોન્ટ્રાક્ટર અને તેમના પતિ હેમંત કોન્ટ્રાક્ટર અને સાસુ ડાહીબેન કોન્ટ્રાક્ટરની બોગસ સહીઓ કરી બનાવટી પાવર ઓફ એટર્ની ઉભી કરી ખોટા દસ્તાવેજના આધારે પેઢીની અઠવાલાઈન્સ ખાતે આવેલી આરડીએસ હાઉસ વાળી મિલકત ગીરવે મુકીને ફાયનાન્સ કંપનીમાંથી રૂ.૨.૯૨ કરોડની લોન મેળવી ઠગાઈ આચરી હતી. નયના કોન્ટ્રાક્ટરની આ ફરિયાદ લઈ જેઠ કનૈયાલાલ કોન્ટ્રાક્ટર સામે સુરત ડીસીબી પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો હતો.

આરોપી કનૈયાલાલ કોન્ટ્રાક્ટર સુપ્રિમ કોર્ટ સુધી આગોતરા જામીન મેળવવા ગયા હતા. પરંતુ સુપ્રિમ કોર્ટથી પણ તેમને રાહત મળી ન હતી. દરમિયાન ડીસીબી પોલીસે કનૈયાલાલ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી લીધી હતી. બાદ સુરત કોર્ટે આરોપી કનૈયાલાલને એક દિવસના રિમાન્ડ બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કર્યો હતો. આરોપી કનૈયાલાલે સુરત કોર્ટમાં જામીન ઉપર મુક્ત થવા અરજી કરી હતી. બંને પક્ષની દલીલો પૂર્ણ થઈ છે જ્યારે સંભવિત આજે જામીન અરજીનો ચુકાદો આવી શકે છે.

# ત્રાસ અંગે લંડનમાં રહેતા પતિ સહિત ૭ સાસરિયાઓ સામે સુરતમાં ફરિયાદ

## સાસરિયાઓએ જુદા જુદા બહાને મોટી રકમ પડાવી લીધી પછી પણ દહેજ માટે પરિણીતાને ત્રાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

પુણા વિસ્તારમાં રહેતી પરિણીતાએ લંડન ખાતે રહેતા પતિ સહિત ૭ સાસરીયાઓ સામે તેને મારઝુડ કરી અલગ-અલગ બહાના બતાવી હાથ ઉછીના તેમજ ઘર ખર્ચની મસમોટી રકમ મેળવી લઈ દહેજની માંગણી કરી હોય આ મામલે પુણા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે દહેજ પ્રતિબંધક અધિનિયમ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

પુણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સને ૨૦૨૩થી પુણા વિસ્તારની પરિણીતાને કલ્પેશ વીરપાલભાઈ નાગોરી (રહે. કોલ્ડ હાર્બર લેન, લંડન), શ્યામબેન વીરપાલભાઈ નાગોરી, વીરપાલભાઈ ગોપાલદાસ નાગોરી, પટેલ રીનાબેન અતુલકુમાર, પટેલ અતુલકુમાર (રહે. શાલીગ્રામ એપાર્ટમેન્ટ, અલથાણ, ભીમરાડ રોડ) પટેલ નીકીતા તીર્થકુમાર, પટેલ તિર્થકુમાર ભગવાનદાસ (રહે. લેસ્ટર લંડન) સામે સ્ત્રી અત્યારની ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર કલ્પેશ નાગોરીએ પરિણીતાને ઘરના પરચુરણ ખર્ચ તેમજ હાથ ઉછીના રૂપીયા મેળવી લીધા હતા. અલગ-અલગ બહાના બતાવી યેનકેન પ્રકારે પરિણીતા પાસેથી રૂપીયા લઈ તેની પાસે દહેજની માંગણી કરવામાં આવતી હતી. શારીરિક માનસિક ત્રાસથી કંટાળી જઈ આખરે પરિણીતાએ પતિ સહિત સાસરીયાઓ સામે ગઈકાલે પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# પતિના આડા સંબંધની જાણ થતા પત્ની દ્વારા આપઘાતનો પ્રયાસ

## પરિણીતાએ બંને હાથની નસ કાપી અને એસિડ પણ પી લીધું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ઉમરપાડામાં પતિના પ્રેમ સંબંધની જાણ પત્નીને થતા પત્નીએ તેની નણંદ સાથે પતિ જેને પ્રેમ કરતો હતો તેના માતા પિતાને ઠપકો આપ્યો હતો. જેનું ઉપરાણુ લઈ પતિએ પત્નીને ઠપકો આપતા પત્નીને માઠુ લાગી આવ્યું હોય ઘરનો દરવાજો બંધ કરી પોતાના બંને હાથમાં કોઈ તિક્ષ્ણ વસ્તુથી કટ મારી ગોળીઓ તેમજ એસીડના બે ઘુંટ પી લેતા તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ મામલે ઉમરપાડા પોલીસે નોંધ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

ઉમરપાડા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ગઈ તા.૩ ડિસેમ્બરની મોડી રાત્રે ઉમરપાડાના બરડી ગામ નિશાળ ફળીયામાં રહેતા અને ઘરકામ કરતા દિનાબેન મુકેશભાઈ વસાવા ઉ.વ.૩૭એ એસીડના બે ઘુંટ પી પોતાના બંને હાથમાં કોઈ તિક્ષ્ણ વસ્તુ વડે કાપા મારતા તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. આ મામલે ઉમરપાડા પોલીસે જાણવાજોગ નોંધ લીધી હતી.

પોલીસ પાસેથી મળતી વિગત પ્રમાણે દિનાબેનના પતિનું ટાવલ ગામ ખાતે રહેતી એક મહિલા સાથે પ્રેમ પ્રકરણ ચાલતું હતું. જેની જાણ પત્નીને થઈ હતી દરમિયાન પત્નીએ નણંદ કમળાબેનને આ બાબતે કહેતા બંને મુકેશ વસાવા જેને પ્રેમ કરે છે તે યુવતીના માતા-પિતાને ઠપકો આપવા ગયા હતા. જેની જાણ મુકેશને થતા મુકેશે પત્ની દિનાબેનને ઠપકો આપ્યો હતો. જેથી દિનાબેન એસીડ પી લીધું હતું.

# ભેસ્તાનમાં રહેતા પરપ્રાંતિય યુવાને ઘરમાં કરેલો આપઘાત

## આર્થિક ભીંસના કારણે ઉત્તર પ્રદેશનો યુવકે ગળે ફાંસો ખાધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ભેસ્તાનમાં રહેતા ૨૦ વર્ષના મિલ કામદારે ફાંસો ખાઈ મોતને વહાલું કરી લીધું હતું. તેણે આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ભેસ્તાન વિસ્તારમાં આવેલ જલકૃપા સોસાયટીમાં ૨૦ વર્ષીય નરેન્દ્ર સૂરજભાણ સિંગ ભાઈઓ સાથે રહેતો હતો. નરેન્દ્ર ડાંઈગ મિલમાં નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. જો કે, છેલ્લા થોડા સમયથી જીવન નિર્વાહ ચલાવવાનું મુશ્કેલ થઈ પડતા હતાશામાં આવી જઈ નરેન્દ્રે ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. નરેન્દ્રએ આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. આપઘાતના બનાવ અંગે ભેસ્તાન પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

# એમડી ડ્રગ્સ કેસમાં આરોપીને શરતી જામીન આપતી હાઈકોર્ટ

## અસલમ મોરિયાને માલ સપ્લાય કરવાનો આરોપ અરબાઝ પર હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ હેઠળ નોંધાયેલા ગુના સંદર્ભે ધરપકડ કરાયેલા આરોપી અરબાઝ ઉર્ફે મુજ્જુ સૈયદઅલી સૈયદને ગુજરાત હાઈકોર્ટે કેટલીક શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

આ કેસમાં ૨૯૭ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે અસલમ મારિયો પકડાયો હતો. અસલમ મારીયોને માલ સપ્લાય કરવા બદલ અરબાઝની ધરપકડ કરવામાં આવી હતી, આરોપી અસલમએ અરબાઝને રૂ. ૫૦,૦૦૦ ઈન્સ્ટન્ટ ક્રેઅ દ્વારા ચૂકવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

જેલમાં બંધ આરોપી અરબાઝએ વકીલ ઝફર કે. બેલાવાલા અને એ.એસ. ટીબલીયા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી.

# માતા રિસાઈને પિયર જતી રહેતા કિશોરીનો આપઘાત

## માતાવગર એકલતા અનુભવતી ૧૭ વર્ષની છોકરીએ ઝેરી દવા પી લીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

અમરોલી કોસાડ આવાસમાં રહેતા રીક્ષા ચાલકની પત્ની રિસાઈને પિયરમાં જતી રહી હોય તેની ૧૭ વર્ષિય પુત્રી માતાને અવાર-નવાર પરત ઘરે બોલાવતી હતી જોકે માતા પરત આવતી ન હોય માતા વગર એકલતા અનુભવતી ૧૭ વર્ષિય પુત્રીએ ગઈકાલે સાંજના સમયે હતાશામાં આવી જઈ વંદા મારવાની દવા પી લેતા તેને સારવાર માટે ખાનગી બાદ સ્મિમેર હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં ગત સાંજે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે અમરોલી પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી હતી.

સ્મીમેર હોસ્પિટલ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર અમરોલી કોસાડ આવાસમાં રહેતા મકસુદ અયુબ પટેલ ઉ.વ.૪૫ રીક્ષા ડ્રાઈવર છે. દરમિયાન તેની પુત્રી મારીયાહ ઉ.વ.૧૭એ ગઈ તા.૨૬ નવેમ્બરના રોજ પોતાના ઘરે વંદા મારવાની દવા પી લેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ સ્મીમેર હોસ્પિટલ ખસેડાઈ હતી જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

આ મામલે અમરોલી પોલીસે અકસ્માત મોત નોંધ્યું હતું. પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત પ્રમાણે મારીયાહની માતા રીસાઈને પિયરમાં રહેવા જતી રહી હતી. દરમિયાન અવાર-નવાર પુત્રી માતાને પરત ઘરે આવવાનું કહેતી હતી જોકે માતા સાસરીમાં પરત આવતી ન હોય પુત્રી ટેન્શનમાં આવી ગઈ હતી. એકલતા અનુભવતી પુત્રી હતાશામાં સરી પડી હોય ક્યાં તો અન્ય કોઈ કારણસર વંદા મારવાની દવા પી લીધી હતી.